નવાં બંધાયેલા બિલ્ડિંગમાં રેડી ફ્લેટ 1,2,3 BHK વેચાણથી મળશે
1,2,3 & 4 BHK ભાડેથી મળશે
બુકિંગમાં 2 BHK અને 3 BHK સારા એરિયામાં મળશે
તિરૂમાલા હેબીટેટસ, રૂનવાલ એન્થુરીયમ, દેવીદયાલ રોડ, સર્વોદય નગર, તાંબેનગર 2 અને 3 BHK મળશે
ઓબેરોયમાં 3 અને 4 BHK વેચાણથી તેમજ ભાડેથી મળશે
Deepak Kesaria
9707 777 771


# ગુર્જરમાત


/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26



Kamlesh
Namkeen! Har Din...
www.namkeenhardin.com



વર્ષ : ૨૭ ● અંક : ૨૦ ● સળંગ અંક : ૧૩૩૬ ● મુંબઈ ● બુધવાર ● તા.૫ જૂન – ૧૧ જૂન ૨૦૨૪ ● કુલ પાના : ૨૪ ● કિંમત રૂ.૫.૦૦



Click for more details



Beat Seasonal Illness with
DR. BIMAL SHAH'S EXPERT CARE
Trusted Family Physician in Mulund & Thane Since 20 Years

Monday to Saturday: 12 pm - 2 pm
(Except Wednesdays)
Call for Appointment:
84337 38171

Eyeheal Hospital & APT Diabetes Clinic
Near Jain Mandir. Sarvoday Nagar,
Mulund(W), Mumbai 400080.
Contact: 90822 93425 | 98202 88171
Email: eyeheal.apt@gmail.com

Apt Diabetes Clinic
Eyeheal Complete Vision Care

सत्यमेव जयते

महाराष्ट्र शासन



पुण्यश्लोक अहिल्यादेवी होळकर

(३१ मे १७२५-१३ ऑगस्ट १७९५)

# राजमाता

## पुण्यश्लोक अहिल्यादेवी होळकर

## यांना त्रिशताब्दी जयंती वर्षानिमित्त

## विनम्र अभिवादन!

ROC NUMBER 2024- 25 / NUMBER 5/ D 68 DATED 30/05/2024

www.mahasamvad.in | /MahaDGIPR | /MaharashtraDGIPR

माहिती व जनसंपर्क महासंचालनालय - महाराष्ट्र शासन

જૂનામાંથી નવુ
+ ક્રિએટીવ પિસ
રોજનું નવું-નવુંને ટ્રેન્ડી પીસ પહેરવું ગમે છે પણ કબાટમાં ઘસારો બહું છે તો જૂનામાંથી નવું ઉથલપાથલ કરી નવું કઈંક બનાવીએ. સાડી, સેલા, બાંધણી બધામાંથી નવી સાડી, ચણિયા ચોલી, ઈન્ડો વેસ્ટર્ન બનાવડાવો. ડીઝાઈનર બ્લાઉઝમાં પરફેક્ટ ફીટીંગ ફીનીશીંગ સાથે રીજનેબલ રેટની ગેરેન્ટી.
હેતલ શાહ
98210 59549

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

Yogi Hills-Mulund West
Available 2 BHK For Sale
Fully Furnished Flat
Without Electronic Items.
Full Flat Garden Facing
Carpet : 610' Sq.Feet
Price : Rs.1.40 Crore Negotiable
Payment - Full Cheque
If Required we sending
Photos and Videos.
Kalpesh Thakkar
9224944922, 9223944922

વર્ષ : ૨૭ ● અંક : ૨૦ ● સળંગ અંક : ૧૩૩૬ ● મુંબઈ ● બુધવાર ● તા.૫ જૂન – ૧૧ જૂન ૨૦૨૪ ● કુલ પાના : ૨૪ ● કિંમત રૂા.૫.૦૦



# શ્રી પ્રગતિ ફાઉન્ડેશન
# હીરા-મોંઘી નવનીત હોસ્પિટલ

વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. Tel. : 022-3504 3504

Care with human touch

Click for more details

NABH ACCREDITED



## સર્જરીનું ભવિષ્ય
# એડવાન્સ રોબોટિક ઘુંટણની સર્જરી
## હવેથી હીરા-મોંઘી નવનીત હોસ્પિટલમાં...

- Most advanced robotic technology
- Precise & Reliable
- Improved range of motion
- High Accuracy & Better Recovery
- Less Tissue Damage
- Expert Team of Orthopedics

વધુ માહિતી માટે સંપર્ક : 022 - 3504 3504, + 91 - 81044 74557

## ઘુંટણની પીડાથી મુક્તિ મેળવવા નિઃશુલ્ક ઘુંટણ તપાસણી કેમ્પ તથા નિષ્ણાંતો દ્વારા પરિસંવાદ

**આવો પીડામુક્ત બનીએ...**

**સવારે ૯.૩૦ ક. : પરિસંવાદમાં વક્તાઓ**

- **ડો. વિવિધ મકવાણા**
  રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ પર વિશેષ સમજણ
- **ડૉ. પ્રજ્ઞા ગડા**
  ઘુંટણ ઓપરેશન પહેલા અને બાદ લેવાની તકેદારીઓ
- **ડૉ. શ્વેતા સાવંત**
  સ્વસ્થ આહાર સ્વસ્થ જીવન
- **ડૉ. અનુપમ કરમાકર**
  હોસ્પિટલની વિશેષ સવલતો

**રવિવાર, તા. ૯ જુન ૨૦૨૪, સવારે ૧૦ થી ૧**

Dr. Vividh Makwana (Consulting Orthopedic & Robotic Joint Replacement Surgeon)

ફક્ત આ કેમ્પ માટે રૂા. ૫૦૦/- ને બદલે રજીસ્ટ્રેશન ફી : રૂા. ૧૦૦/-

**Free Expert Counselling & Consultation**

*If you are suffering from severe knee pain then register for camp today !*

Tel. : 022 - 3504 3504, + 91-81044 74557

તા.ક. : જુના રીપોર્ટ સાથે લાવવા જરૂરી.

Any investigations not included

Pre registration mandatory

*condition apply

Visit our site : www.hmnhospital.com

જાહેરાત સૌજન્ય

Mitsu Chem Plast Ltd.

Blow Moulding | Injection Moulding | Custom Moulding

www.mitsuchem.com sales@mitsuchem.com







BINITA S. MARU - 9869034162

પોસ્ટ ખાતાની વિવિધ બચત
તેમજ વીમા યોજના માટે
• કિસાન વિકાસ પત્ર (KVP)
• નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ (NSC)
• મન્થલી ઈન્કમ સ્કીમ (MIS)
• રીકરીંગ ડિપોઝીટ (RD)
• સુકન્યા યોજના વિગેરે માટે
રાજલ જીગર ચંદે
9920014863

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

અન્નદાન – મહાદાન
આઈડીયલ હોમ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટ®
@ હેપી ફ્રીજ
સંપર્ક : 79771 17894

વર્ષ : ૨૭ ● અંક : ૨૦ ● સળંગ અંક : ૧૩૩૬ ● મુંબઈ ● બુધવાર ● તા.૫ જૂન – ૧૧ જૂન ૨૦૨૪ ● કુલ પાના : ૨૪ ● કિંમત રૂ.૫.૦૦

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.

Click for more details

1st February - 30th June 2024

With LOWEST INTEREST Rates,
we are still very much Co-operative

HOME LOAN
CAR LOAN
eAUTO LOAN
2 WHEELER LOAN
*7.49% (p.a.)
GOLD LOAN
COMMERCIAL VEHICLE LOAN
EDUCATION LOAN
LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | |
|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT
www.arihantbank.com @ Arihant Bank

# શ્રદ્ધાંજલિ / પ્રાર્થના સભા



## સ્વ. વિનોદભાઈ (સુભાષભાઈ) મનજી આઈયા

ઉમર - વર્ષ ૭૬

ગામ - મોટી વિરાણી - નખત્રાણા - કચ્છ, હાલ - મુલુંડ - મુંબઈ

સ્વ. મૈયાબેન મનજી રણછોડદાસ આઈયા ના સુપુત્ર

ગં. સ્વ. જયશ્રીબેન વિનોદભાઈ (સુભાષ) આઈયા ના પતિશ્રી

સ્વ. લક્ષ્મીબેન કુંવરજી અનમ ના જમાઈ, ગામ - ખોંભડી

શિલ્પાબેન હિતેશભાઈ સોમૈયા, સેજલબેન નિમેષભાઈ મજેઠીયા,
એકતા, અમીષા, હેમલ ના પિતા

સ્વ. મોતીલાલ મનજી આઈયા (દરિયા શેઠ) ના નાના ભાઈ
નવીનભાઈ મનજી આઈયા ના મોટા ભાઈ
ગં. સ્વ. જવેરબેન જમનાદાસ સચદે ના નાના ભાઈ
ગં. સ્વ.પ્રતિમાબેન (પ્રભાબેન) ધનજીભાઈ ચંદે ના મોટા ભાઈ
સ્વ. સરલાબેન તરૂણભાઈ જોબનપુત્રા ના મોટા ભાઈ

રાજેશભાઈ મોતીલાલ આઈયા ના કાકા.
રંજનબેન કેશવજીભાઈ અનમ,
ડોમ્બિવલી, મુંબઈ અને ઉપાબેન
જયસિંહભાઈ અનમ, અમદાવાદ ના બનેવી
અતીરીયા, શિવમ અને ધીર ના નાના

**બન્ને પક્ષ ની પ્રાર્થના સાથે રાખેલ છે.**

| સમય: | તારીખ: | સ્થળ: |
|---|---|---|
| સાંજે ૫:૩૦ - ૭:૦૦ | ૬-૬-૨૦૨૪, ગુરુવાર | કાલિદાસ મેરેજ હોલ, પી. કે. રોડ, મુલુંડ (પશ્ચિમ) |

**લૌકિક વહેવાર બંધ રાખેલ છે.**

Prime Location Devidayal
Sold Out
~~2 BHK 600 cpt @ 1.40 cr.~~
2 BHK 715 cpt @ 1.70 cr.
3 BHK 960 cpt @ 2.40 cr.
RTMI, નવું બિલ્ડિંગ,
રેડી પઝેશન, દલાલ આવકાર્ય.
90226 87343
83697 71377

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

PRIME PEST CONTROL
BMC Approved
Pest Control &
Also Services For
Mosquito & Bird Netting
TO BOOK YOUR SERVICE
80705 23555 / 666 / 777 / 888 / 999
primepestcontrolserve@gmail.com
www.primepestcontrolservices.com
Branch : Mulund (West), Mumbai - 400 080.
Head Office : Dadar (West), Mumbai - 400 028.

વર્ષ : ૨૭ ● અંક : ૨૦ ● સળંગ અંક : ૧૩૩૬ ● મુંબઈ ● બુધવાર ● તા.૫ જૂન – ૧૧ જૂન ૨૦૨૪ ● કુલ પાના : ૨૪ ● કિંમત રૂા.૫.૦૦



## કેન્દ્રમાં મોદી સરકારને ત્રીજી મુદત મળી પણ ઈશાન્ય મુંબઈમાં અણધાર્યુ ઊલટ ફેર

# સંજય પાટીલની ઝમકદાર જીત



શનિવાર સાંજથી દરેક ટીવી ચેનલો પર એક્ઝિટ પોલના રીઝલ્ટ પ્રસારિત થતાં દરેક રાજકીય પક્ષો એક્ઝિટ પોલની વિરૂધ્ધ અને તરફેણમાં દલીલો કરતાં હતા. આ ચર્ચા-વાદવિવાદનો મંગળવારે અંત આવ્યો જ્યારે મત ગણત્રીના પરિણામો બહાર પડવાનું શરૂ થયું. પરિણામો ડિકલેર્ડ થયા એ સાથે એકેએક એક્ઝિટ પોલની એક્ઝિટ થઈ ગઈ અને અનુમાનિત પરિણામોમાં ઊલટ ફેર થઈ ગયો. જે બહુધા માટે આંચકાજનક રહ્યો હતો.


સમગ્ર દેશમાં ભાજપ માટે ચૂંટણીના પરિણામો ઓવર ઓલ તેના ઘમંડને ચકનાચૂર કરનારા બન્યા છે. તો ઈન્ડીયા ગઠબંધનના દરેક ઘટક પક્ષો માટે સંજીવની રૂપ બની રહ્યાં છે. ચારસો પારનો નારો લગાવનારાઓ ત્રણસો બેઠકો પાર નથી કરી શક્યા. આ મરણતોલ મારથી એનડીએ અને ખાસ કરીને ભાજપ ભવિષ્ય માટે સબક લે એ જરૂરી છે.

મહારાષ્ટ્રમાં ભાજપની આગેવાની હેઠળની મહાયુતિને મહાવિકાસ આઘાડીએ હડસેલો મારી ભવિષ્ય માટે ચેતવી દીધાં છે. મુંબઈમાં પૂનમ મહાજન, એડવોકેટ ઉજવલ નિકમ, મિહિર કોટેચા જેવા જાણીતા ચહેરાઓ પરાજીત થઈ ગયા છે.

ઈશાન્ય મુંબઈમાં દસ વર્ષ પછી ફરીવાર શિવસેના ઉધ્ધવ ગુટના સંજય દીના બામા પાટીલ ૨૯૮૧૬ મતના માર્જીનથી ભાજપના મિહિર કોટેચાને માત આપી આશ્ચર્ય આપ્યું છે. ૨૦૦૯માં કિરીટ સોમૈયાને માત આપી સાંસદ બનનારા ભાઉ પુનઃ એક દાયકા પછી સંસદ સભ્ય બન્યા છે. દસ વર્ષથી ભાજપને માટે નિશ્ચિત ગણાતી આ સીટનું મીથ મહાવિકાસ આઘાડીના ઘટક શિવસેના યુબીટીના સંજય પાટીલએ તોડી પાડ્યું છે. સંજય પાટીલને ૪૫૦૯૩૭ મત મળ્યા જ્યારે હરીફ મિહિર કોટેચાને ૪૨૧૦૭૬ મત મળ્યાં હતા.

(વધુ જુઓ પાના નં.૧૭ ઉપર)

ધર્મેશ પ્રોપર્ટી ઘેટીવાલા
2 BHK વેચાણાર્થે
વાલજી લધ્ધા રોડ 1.67 Cr.
3 BHK દેવીદયાલ ગાર્ડન પાસે 2.39 Cr.
8169222044



30 YEARS OF EXCELLENCE AND DELICACIES.
ENJOY THE LUXURY OF THE REVAMPED AND ENHANCED KALIDAS MARRIAGE HALL
7 COMFORTABLE ROOMS ARE AVAILABLE FOR YOUR OUTSTATION GUESTS TO UNWIND IN.
EXPERIENCE THE GRAND ROYAL AMBIENCE WITH MODERN AMENITIES.
CAPACITY OF 300 TO 800 GUESTS WITH 550 SEATING CAPACITY.
AMPLE PARKING SPACE.
DhanRaj HOSPITALITY
CONTACT US ON- +91 8080 3888 08 | +91 771 888 555 0/5



Last few days of AAMRAS
Unlimited Aamras Thali
₹650
Inclusive of all taxes
जरा चखके देखो!
Tip Top GRAND THALI RESTAURANT
Lunch: 11.30 am to 3.30 pm
Dinner: 7.30 pm to 11 pm
Hotel Tip Top Plaza, L.B.S. Marg, Near Teen Hath Naka, Thane (W).
Tel.: 88793 12345/98333 78234/022 6793 5301/02
Menu can be changed at any time without prior notice
Order online on SWIGGY zomato
T&C apply
Impulse/06/24

# એનડીએની પીછેહટ પણ લોકશાહીનો વિજય!



તંત્રીસ્થાનેથી
જયંત છેડા

૪થી જૂન હિન્દુત્વવાદીઓ, રાષ્ટ્રવાદીઓ અને મહાયુતિના સાથીદાર પક્ષો માટે ગોઝારી પુરવાર થઈ. મત ગણતરી પહેલા ભાજપના કાર્યકરો અને એક્ઝીટ પોલ્સ એનડીએ જબ્બર બહુમતી સાથે ચૂંટાઈ આવશે એવી આગાહી કરતા હતા પરંતુ સાંજ પડતાં સુધીમાં લોકસભામાં ભાજપ એકલાની 303 બેઠકથી ઘટીને ૨૪0ની આસપાસ સમેટાઈ ગઈ. એનડીએ પાતળી બહુમતી અને ૨૯૫ બેઠક સાથે સરકાર તો બનાવશે પરંતુ તે વાજપેયીજીની સરકારની જેમ મિલીજુલી ખિચડી સરકાર હશે. એનડીએના સાથીદાર પક્ષો જેડીયુના નીતિશ કુમાર અને ટીડીપીના ચંદ્રાબાબુના ભૂતકાળને જોતાં નરેન્દ્ર મોદી તેમની ત્રીજી ટર્મમાં કરવા ધારેલાં કેટલાં કાર્યો કરી શકશે તે જોવું રસપ્રદ હશે.

જો કે આ તબક્કે પડતાને પાટુ મારવું કસમયનું હશે છતાં કહેવું પડે છે કે એનડીએની પીછેહટ માટે ઘણે અંશે તેમના પોતાના નેતાઓ પણ જવાબદાર છે.જ્યાં એનડીએએ મોટા પ્રમાણમાં બેઠકો ગુમાવી છે એવા એક રાજ્ય મહારાષ્ટ્રનું ઉદાહરણ જોઈએ તો ભાજપ દ્વારા ઉદ્ધવ ઠાકરેની શિવસેના અને શરદ પવારની એનસીપી જેવી પાર્ટીઓને તોડીને તેમ જ પૈસાના જોરે મીડિયા ખરીદીને અજીત પવાર જેવા ભ્રષ્ટાચાર માટે છાપેલા કાટલાને પોતાની સાથે ભેળવી લીધા તે મહારાષ્ટ્રની પ્રજાને ગમ્યું નથી. ભાજપ આ રીતે ભ્રષ્ટાચારીઓને પોષીને લોકોને કાયમ માટે મુર્ખ બનાવી શકે નહીં તે આ ચૂંટણીના પરિણામોએ સાબિત કરી બતાવ્યું છે.

છેલ્લા કેટલાક સમયથી મોદીની લોકપ્રિયતાને જોરે ભાજપના નેતાઓ ઓવર કોન્ફીડન્સમાં આવી ગયા હતા.ભાજપના રાષ્ટીય પ્રમુખ નડડાએ એક અહંકાર ભર્યું સ્ટેટમેન્ટ આપ્યું હતું કે હવે અમને આરએસએસ કે વીએચપી જેવી હિંદુવાદી સંગઠનોની જરૂરત નથી. આવા નિવેદનોએ જેમણે દર વખતે ભાજપને વિજય અપાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે એવા આરએસએસ અને વીએચપી જેવી હિંદુવાદી સંગઠનોના કાર્યકરોનું મનોબળ તોડ્યું હતું. ખુદ મોદીના 'એક અકેલા સબ પર ભારી' અને 'હર જગહ, હર બાર મોદીકી ગેરન્ટી' જેવા વિધાનોને વિપક્ષોએ અહંકારભર્યા ગણાવ્યા હતા જેને સામાન્ય જનતા એ પણ સ્વીકાર્યા હતા. અનેક રાજ્યોમાં કોંગ્રેસના મહત્વના નેતાઓને ભાજપમાં ખેંચી તેમને લોકસભાની ટીકીટ આપી હતી જેને કારણે લાંબા સમયથી ભાજપના વફાદાર નેતાઓ નિરાશ થયા હતા. આ ઉપરાંત ભાજપના સ્થાનિક લેવલના નેતાઓને અવગણીને સિનિયર નેતાઓએ જ ચૂંટણી પ્રચારનું સુકાન સંભાળ્યું હતું જેને કારણે પણ ભાજપ સરકારની સિધ્ધિઓથી લોકો અજાણ રહ્યા હતા.

અયોધ્યામાં જ્યારે રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા થઈ ત્યારે સમગ્ર દેશમાં હિન્દુત્વ અને મોદીની લોકપ્રિયતાની લહેર ફેલાઈ ગઈ હતી. એ સમયે જો લોકસભાની ચૂંટણી યોજવામાં આવી હોત તો પરિણામ કૈંક જુદું જ હોત. પરંતુ રામ મંદિર બનવાના અને લોકસભાની ચૂંટણી વચ્ચે જે છએક મહિનાનો ગાળો વીત્યો તેમાં વિપક્ષો જનતાનું માનસ બદલવામાં સફળ થયા.

આ બધા કારણો હોવા છતાં એ સ્વીકારવું પડે કે છેલા ૧૦ વર્ષમાં મોદીજીએ દેશના વિકાસ અને જનકલ્યાણ માટે અનેક યોજનાઓ સફળતાપૂર્વક દાખલ કરી હતી. પરંતુ કોઈ એક પક્ષનું એટલા મોટા પ્રમાણમાં અસ્તિત્વ હોવું તંદુરસ્ત લોકશાહી માટે યોગ્ય નથી. લોકશાહીમાં સબળ વિરોધ પક્ષનું હોવું પણ જરૂરી છે. ૨૦૨૪ની ચૂંટણીમાં ભારતના સમજદાર મતદારોએ વિરોધ પક્ષને સબળ બનાવીને ભારતની લોકશાહીને તંદુરસ્ત બનાવી છે.

૨૦૨૪ની ચૂંટણીએ એક વાત સાબિત કરી આપી છે કે ભારતનું ચૂંટણી તંત્ર વિશ્વની સહુથી મોટી લોકશાહીમાં સંપૂર્ણપણે નિષ્પક્ષ ચૂંટણીઓનું આયોજન કરી શકે છે. ભારતનો સામાન્ય નાગરિક તેની આંતરિક સૂઝબૂઝથી સરકારો બનાવી શકે છે, સરકારો ઉથલાવી શકે છે અને સરકારોની તાકાતને નિયંત્રિત પણ કરી શકે છે.આજે ભલે એનડીએની સરકારની શક્તિ ત્રીજી ટર્મમાં નિયંત્રિત થઇ છે પરંતુ એકંદરે લોકશાહીનો વિજય થયો છે.

## જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડ માનવ સેવા એટલે પ્રભુ સેવા







ચપ્પલ અને સ્લીપર, જે આ ભયંકર ઉનાળામાં પગને ઠંડક આપે છે, તે જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડ દ્વારા ૧૦૦ જોડી સ્લીપર અને ચપ્પલનું વિતરણ સેવાકાર્ય શુક્રવાર, તા.૩૧ મે ના રોજ કરવામાં આવ્યો. આ કાર્ય જૈન સોશ્યયલ ગ્રુપ ઇન્ટરનેશનલ ફેડરેશનના આશ્રય સમય સેવા પ્રોજેક્ટના અંતર્ગત પ્રથમ સેવક JSGian અમિષભાઇ દોશી અને આશ્રય કમિટી ના ચેરમેન શ્રી ઉપેન્દ્રભાઇ મોદી ના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયું.

વિતરણ શ્રી જીવન જ્યોત વેલફેર ફાઉન્ડેશન સંચાલિત વૃદ્ધાશ્રમ અને મુલુંડના




રસ્તાઓ પર કરવામાં આવ્યું. આ અવસરે બોમ્બે રીજનની તરફથી વીરેન્દ્રભાઇ શાહ અને ઝોન કોઓર્ડિનેટર ડિમ્પલબેન કોરડિયા હાજર રહ્યા. આ કાર્યમાં તમામ સાધાર્મિક ભાઈઓ અને બહેનોએ વધચઢ કરી ભાગ લીધો, જે બતાવે છે કે માનવ સેવા જ પરમ સેવા છે. જૈન સોશિયલ ગ્રુપ મુલુંડના તમામ સમિતિ સભ્યો આ પવિત્ર કાર્યમાં



સહયોગી રહ્યા.

આવા સેવા કાર્યો આપણને એકતાનું અને સામાજિક સેવાની મહત્તાનું જ્ઞાન કરાવે છે.

જયંતીલાલ મેશેરી (અધ્યક્ષ) - ૯૧ ૯૮૧૯૭ ૪૮૨૫૦, દિલીપભાઇ શેઠ-૯૧ ૯૮૨૦૬ ૯૬૮૯૮, ડિમ્પલબેન કોરડિઆ (માનદ મંત્રી)




# આદિ ઘંટાકર્ણ ચેરિટેબલ ટ્રસ્ટ ટીપટોપ પરિવારની જીવદયા કામગીરી









અબોલ જીવોની સુરક્ષા માટે હંમેશા કટીબધ્ધ આદિ ઘંટાકર્ણ ચેરિટેબલ ટ્રસ્ટ ટીપટોપ પરિવાર દ્વારા ૩૦મેના રોજ સુરત સ્થિત સચિનની મંડીમાંથી સેંકડો અબોલ જીવોને ઉગારીને સુરતની પાંજરાપોળમાં સુરક્ષિત સ્થાન પર પહોંચાડવામાં આવ્યા છે. ડોક્ટર્સની ટીમ દ્વારા મૂંગા પશુઓની જાંચ-તપાસ કરીને દવા કરવામાં આવી હતી.

દાતા પરિવારો દ્વારા ઉદાર હાથે આપવામાં આવેલી સહાયને પરિણામે આદિજિન ચેરિટેબલ ટ્રસ્ટ તથા આદિ ઘંટાકર્ણ ચેરિટેબલ ટ્રસ્ટના સંયુક્ત પ્રયાસો દ્વારા જીવદયાનું આ કામ કરવામાં આવ્યું હતું. બીજો રાઉન્ડ મુંબઈ અને ઔરંગાબાદની મંડીમાં હાથ ધરવામાં આવશે.


Commercial Property
on Rent
Readymade for Dr.Clinic at S.L. Rd, New bldg. in Mulund (West)
• Area 1300 sq.ft. Carpet
• Two Parking available
SUITABLE FOR
• ENT Specialist
• Physiotherapist
• Cosmetic Surgeon
• Laboratory
• Dermatologist
• Cancer therapy (Chemotherapy)
• Infertility- IVF - Centre
• Gastroenterologist
Sanjay Thakkar
9833726529
9224944922

PART TIME JOB
A REPUTED MNC REQUIRE
Retired / VRS / House Wives / Senior Citizen to Start Second Innings
Age 30 to 70 Years
Earn Rs.30,000 to 1,00,000+ PF + Medical + Gratuity
Call: 98199 11819


PRIVATE GROUP TUITIONS since 2006
SPECIALISED in
• ICSE (EURO)
• CBSE (SMPR),
• STATE BOARD SYLLABUS (All SCHOOLS)
Also Conducting XI / XII[th] Commerce
For Admissions Contact
Mrs. Manisha (M.Com, B.Ed)
82912 69229





Nikita Yadav
Mob.: 7021817988
NIKITA MEHENDI
Indian Mehendi
Arabic Mehendi
Floral Mehendi
Home Service Available

Summer End Offer
29th May To 5th June
Sample piece of Top & Kurti
Kurti + Pent Set
At WHOLESALE PRICE
• Last Few Piece Left Park Avenue Brand Jeggins only Denim Blue Color for last time at this price 26 to 36 size
Buy 2 Piece Any Size 500/-
Buy Single Piece 300/-
• Regular Size Pant, Cotton Printed Capri Buy 3 in 500/-
• Only 2XL Full Sleeves T-Shirt 200/-
• Crosio Top Buy 3 in 500/-
NO PHOTOS PLEASE
CALL COMING BEFORE
Hemangi Dedhia
9987897979


Dalmia's MARWAD
MARWAD LIBAS
LIFE STYLE EXHIBITION
Thane Mulund Num-1- Special Exhibition Is Back
8 & 9
SATURDAY SUNDAY
June - 2024
Timing: 11am to 8pm
TIP-TOP-PLAZA
Near Teen Hath Naka
Thane (W)
LBS. MARG OPP RAHEJA GRADEN
CABIN SHOW
VALET PARKING / FREE ENTRY | dalmia's_exhibitions
Asha Dalmia: 9820033692 | 9833215943

દાંતનો ટ્રીટમેંટ ખર્ચ
વીમા પૉલિસીમા સામેલ નથી
એની ચિંતા કરો છો ?
Click for more details
પ્રવર્તમાન સારવાર ખર્ચ કરતાં,
૬૦% ઓછા દરે
ગુણવત્તાસભર સારવાર મેળવવા...





આવો...
એકા
ડેંટલ કેઅર
પહેલું કન્સલ્ટેશન ફ્રી!
અપૉઇન્ટમેંટ માટે કૉલ કરો ૭૪૪ ૯૩ ૭૪૪ ૬૩
Limited period offer!
સોમ થી શનિ સવારે ૮:00 થી રાત્રે ૧૧:00, રવિવાર બપોરે ૨:00 વાગ્યા સુધી.
એકા ડેંટલ કૅઅર, મુનશી એસ્ટેટ, એમ.જી. રોડ, મગનલાલ મહેતા
એસ્ટેટ એજેંટ ઑફિસની ઉપર, ગોકુલ હોસ્પિટલ ની પાસે, મુલુંડ વેસ્ટ.
અમારું ક્લિનિક જોવા માટે ક્યૂ.આર. કોડ સ્કેન કરો.

## શ્રી આદિ ઘંટાકર્ણ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તા.૧૭ જૂન દિને કરૂણાદિન મનાવાશે

શ્રી આદિ ઘંટાકર્ણ ચેરિટેબલ ટ્રસ્ટ જીવદયા પ્રવૃત્તિ માટે સક્રીય સંસ્થા છે. અબોલ નિર્દોષ જીવોને કતલખાને જતાં બચાવી માસુમ મૂંગાજીવોને જીવદાન આપે છે. તા.30મે ના સુરત નજીક સચિન વિસ્તારની પ્રાણી મંડઈમાંથી અબોલ ગભરૂ જીવોને ઉગારીને સુરતની પાંજરાપોળમાં સલામત સ્થાને પહોંચાડાયા હતા. ઘાયલ, ઈજાગ્રસ્ત જીવોને ડોક્ટર્સની ટીમે તપાસણી કરી દવા આપી હતી. તા.૧૭ જૂન સોમવારના બકરી ઈદ દિને કરૂણાદિન ઉજવવા મક્કમ છે. દાતાઓના સહિયારા પ્રયાસોથી વધુમાં વધુ જીવોને કતલખાને જતાં બચાવા માટે ઉદારપણે સાથ આપવા ટહેલ કરી છે.

૧ જીવ રૂા.૪ હજાર લેખે, ૯ જીવ રૂા.૩૬ હજાર અને ૨૭ જીવ રૂા.૧,૦૮,૦૦૦નું અનુદાન આપી એક કદમ જીવદયા ભણી માંડવા સૌને અપીલ કરી છે. જેમાં દાતાઓનો સારો સાથ મળી રહ્યો છે.

૮૦ જી અંતર્ગત દાન Aadi Ghantakarna Charitable Trust, A/C No.004110100022655 TSJB Sahakari Bank Ltd., Wagle Estate Branch Thane RTGS TJSB0000004 ઉપર મોકલવા માટે અપીલ કરાઈ છે. દાન રકમ આપ્યા બાદ ૮૦ જી રસીદ માટે નામ, એડ્રેસ, પેનકાર્ડ નંબર સાથે પેમેન્ટની વિગત મનોજ શાહ-૯૮૨૦૦૪૬૮૦૧ને વોટસએપ દ્વારા મોકલવી.

વધુ વિગત માટે સંપર્ક મનોજ શાહ ટીપટોપ પ્લાઝા થાણા-૯૮૨૦૦૪૬૮૦૧, સંદીપ શાહ BMPP મુલુંડ-૯૩૨૩૨૩૯૯૮૭, ધનરાજ પોપટલાલ સંગોઈ કોડાય ઘાટકોપર-૯૬૫૩૧૧૬૮૫૮, કાંતિલાલ ખીમજી પોલડિયા બિદડા-થાણા-૯૩૨૨૨૭૪૭૧૪

## મુમુક્ષુઓની જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડ દ્વારા અનુમોદના





આગામી રવિવાર તા.૯ જૂનના સુરત મુકામે સંયમ અંગીકાર કરનારા મુમુક્ષુ દંપતી સ્મિતભાઈ અને ધ્વનિબેન તેમજ ૨૪ જૂનના માનકુવા ભુજ મુકામે દિક્ષા અંગીકાર કરનાર જીનયભાઈના સંયમ માર્ગની અનુમોદના અર્થે જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડના પદાધિકારીઓ તેમજ કમિટિ મેમ્બર્સ દ્વારા ત્રણેય મુમુક્ષુઓને સન્માનપત્ર આપીને બહુમાન કરવામાં આવ્યું તે પ્રસંગની તસવીરમાં સ્મિતભાઈ અને ધ્વનિબેન અને જિનયભાઈની અનુમોદના કરી રહેલાં જેએસજી મુલુંડના સભ્યો

## JSG મુલુંડ ગ્રુપની ઉતરોતર પ્રગતિ સાથે ઉમેરાયું યશ કલગીરૂપ હજી એક પીછું

જૈન સોશિયલ ગ્રુપ ઇન્ટરનેશનલ ફેડરેશનના અનમોલ રાઇટરના ખિતાબ પછી, ફરી એકવાર યશરૂપી કીર્તિ નો ઉમેરો થયો છે . જૈન સોશિયલ ગ્રુપના સેક્રેટરી ડિમ્પલબેન કોરડિઆ, JSGIF તરફથી પ્રથમ સેવક JSGian અમિશભાઈ દોશીના નેતૃત્વમાં, માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલા સ્વસ્થ ભારત મસ્ત ભારત કેમ્પેઇન અંતર્ગત ''આહાર'' પ્રોજેક્ટ લોન્ચ કર્યો છે.

આ પ્રોજેક્ટ દ્વારા આરોગ્યમ પરમ ભાગ્યમ અને સ્વાસ્થ્ય સર્વાર્થે સાધનમના ઉદ્દેશ્યને પ્રાપ્ય કરવામાં આવ્યું છે. ફેડરેશન સાથે જોડાઈને જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડ ગ્રુપની આન, બાન અને શાનમાં વધારો કરનાર ડિમ્પલબેનને માટે સૌ આપીએ તેમને ખૂબ ખૂબ અભિનંદન.

જયંતિલાલ મૈશેરી (પ્રમુખ) - ૯૮૧૯૭૪૮૨૫૦, દિલિપભાઈ શેઠ - ૯૮૨૦૬૯૬૮૯૮, ડિમ્પલબેન કોરડિઆ (માનદ મંત્રી)




॥ વંદે ગૌમાતરમ્ ॥

બકરી ઈદને બનાવીએ



કરૂણા દિન

સોમવાર, તા. ૧૭-૬-૨૦૨૪

શ્રી આદિ ઘંટાકર્ણ ચેરીટેબલ ટ્રસ્ટ

જૈન સોશ્યલ ગ્રુપ - મુલુંડ

TOGETHER WE CAN

૧ જીવ ₹ 4,000



૯ જીવ ₹ 36,000

૨૭ જીવ ₹ 1,08,000



એક કદમ જીવદયા તરફ

Aadi Ghantakarna Charitable Trust
A/c No. 004110100022655
TJSB Sahakari Bank Ltd.
Wagle Estate Branch, Thane
RTGS - TJSB0000004

Or Pay to VPA

(80G available)

શ્રી આદિ ઘંટાકર્ણ ચેરીટેબલ ટ્રસ્ટ


ટીપટોપ પ્લાઝા, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ ચેકનાકા, થાણા (વે). ઈ-મેલ : manojshah14@gmail.com

ડોનેશન આપ્યા બાદ ૮૦ જી રસીદ માટે આપનું નામ, એડ્રેસ, પેનકાર્ડ નંબર, પેમેન્ટ ડીટેલ્સ મનોજ શાહ (98200 46801) ને વોટસઅપ કરશોજી.

| Jayantilal Mehshri | Dilip Sheth | Dimple Koradia | Leharchand Gala | Manoj Shah |
|---|---|---|---|---|
| 9819748250 | 9820696898 | 9869660290 | 9757339031 | 98200 46801 |

# પ.પૂ. આચાર્ય શ્રી વિજય અજિત શેખર સૂરિજીનો દીપમની ૩જી સાલગીરી નિમિતે મુંબઈ તથા મુલુંડમાં ભવ્ય પ્રવેશ થયો



માતુશ્રી ગૌરીબેન માંડણ ચરલા જૈન ચેરીટેબલ ટ્રસ્ટ તથા દીપમ પરીવાર દ્વારા ગૃહ જિનાલયની ૩ જી વર્ષગાંઠ નિમિતે પૂજ્ય ગુરૂદેવ પોતાના ૪૦ કરતાં વધુ શિષ્ય સાથે ઉગ્ર વિહાર કરી દીપમ પધાર્યા હતા.

આ પ્રસંગે ઐરોલી ટોલ નાકાથી મુંબઈ પ્રવેશમાં દરેક ગુરુ ભક્તો ને દીપમ દ્વારા આમંત્રણ અપાયું હતું અને ત્યાં ઢોલી સાથે પૂજ્યશ્રીનો મુંબઈ પ્રવેશ કરાવવામાં આવ્યો. અને ત્યાં દીપમનાં અગ્રણી કાર્યકર્તા શ્રેયાંશી બેન ઝવેરી દ્વારા પૂજ્યશ્રી નાં સંયમ જીવન નાં ૪૭ વર્ષ પ્રસંગે જુદી જુદી ૪૭ શુકનની વસ્તુ દ્વારા અદ્દ્ભૂત ગહુલીઓ બનાવી ગુરૂદેવ ને શુકન કરાવ્યા હતા.

શ્રી સર્વોદય સંઘનાં ભાવિકો દ્વારા રુણવાલ સિગ્નલ થી પૂજ્યશ્રી નો મુલુંડ પ્રવેશ કરાવવામાં આવ્યો.

ત્યાર બાદ શ્રી સકળ સંઘ તથા આમંત્રિત મહેમાનોની નવકારશી આયોજક પરીવાર તરફથી રાખવામાં આવી.

રાયપુર થી પધારેલ હવામાં ઉડતા બાવા, માથા વગર નો માણસ, શરીર વગર નો માણસ, અદ્દ્ભૂત સ્ટેચ્યુ, તાંબે નગર સંઘનું સુપર બેન્ડ અને આખા રસ્તા ઉપર ગુરુદેવનાં બોધ આપતા પોસ્ટર અજૈન પરીવારનું પણ આકર્ષણ બન્યા.

સૌથી વધુ ચાર ચાંદ, મુલુંડ નાં તમામ બાળકો દ્વારા બનાવેલ ટોપી થી આવ્યા. ૨૦૦ જેટલા બાળકો ને ટેબલ પર જાતે બનાવેલ જુદી જુદી હેટ અને બેડા સાથે ઉભા રાખવામાં આવ્યા અને તેઓ તમામ ને પુરસ્કાર તથા ગેમ ની પ્રભાવના આપવામાં આવી.

પછી ગુરુદેવ દીપમ પધાર્યા ત્યાં શ્રી સર્વોદય સુમતિ નાથ દાદાનાં દર્શન કરી ટિઆરા કોર્ટમાં વ્યાખ્યાન માટે પધાર્યા ત્યાં સર્વે લાભાર્થી પરીવારનું બહુમાન થયું અને બિલ્ડીંગનાં શ્રાવકો તરફથી સંઘપૂજન કરવામાં આવ્યું.

દીપ્તિ ચરલાની આગેવાની હેઠળ દીપમનાં કાર્યકરો દ્વારા આ કાર્યક્રમ ખૂબ જ સુંદર રીતે પૂર્ણ થયો.



# ચોમાસા દરમ્યાન કોઈપણ આપત્તિ સમયે ૨૪ કલાક કંટ્રોલ રૂમ પર ફરિયાદ નોંધાવી શકાશે

મુંબઈ: ચોમાસા માટે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટીએ (એમએમઆરડીએ) ખાસ કંટ્રોલ રૂમની સ્થાપના કરી છે. આ કંટ્રોલરૂમ ૨૪ કલાક ચાલુ રહેશે. આ કંટ્રોલરૂમ પહેલી જૂન, ૨૦૨૪થી ૧૫ ઑક્ટોબર, ૨૦૨૪ સમયગાળા માટે ચાલુ રહેશે. નાગરિકો ૦૨૨-૨૬૫૯૧૨૪૧, ૦૨૨-૨૬૫૯૪૧૭૬, ૮૬૫૭૪૦૨૦૯૦ અને ૧૮૦૦૨૨૮૮૦૧ (ટોલ ફ્રી) આ હેલ્પલાઈન પર સંપર્ક સાધી શકશે. અટલ સેતુ માટે અલગથી ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૦૩૧૮૧૮ નંબર પણ જાહેર કરવામાં આવ્યો છે.

એમએમઆરડી આ કંટ્રોલરૂમ પર નાગરિકો તરફથી આવતી ફરિયાદનું નિરાકરણ લાવવા મુંબઈ મહાનગરપાલિકા, સાર્વજનિક બાંધકામ વિભાગ, મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ ઓથોરિટી, નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ જેવી સંસ્થા વગેરે સાથે સમન્વય સાધીને તેને દૂર કરશે.


ઓથોરિટી મારફત હાલ જુદા જુદા પ્રોજેક્ટ પર કામ ચાલી રહ્યું છે, તેથી વાહનચાલકો અને રાહદારીઓની અડચણ દૂર કરવા માટે એમએમઆરડીએ કંટ્રોલરૂમ ચાલુ કર્યા છે, જેના પર ઝાડ તૂટી પડવા, પાણી ભરાઈ જવા, એક્સિડન્ટ, ટ્રાફિક જામ, ખાડા જેવી બાબતો પર નાગરિકો ફરિયાદ કરી શકશે.

મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં ચોમાસા દરમિયાન ઉદ્‌ભવનારી પરિસ્થિતિ માટે જુદા જુદા મેટ્રો પ્રોજેક્ટ સ્થળે કુલ ૩૦૦ એન્જિનિયર અને વર્કરો તહેનાત રહેશે. એક એન્જિનિયર અને ૧૦ મજૂરોની ટીમ તહેનાત રહેશે. વિવિધ મેટ્રો પ્રોજેક્ટ સ્થળે કુલ ૧૯ ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ રહેશે. એ સિવાય ૧૮ ઈમરજન્સી સેન્ટર, ૧૭ એમ્બ્યુલન્સ અઠવાડિયાના સાતેય દિવસ ૨૪ કલાક રહેશે.

પ્રોજેક્ટ સાઈટ પર વરસાદનું જમા થયેલા પાણીનો નિકાલ ઝડપથી થાય તે માટે ૧૩૧ પંપ ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. મેટ્રો પ્રોજેક્ટ સાઈટ પર વાહનો અને રાહદારી માટે રસ્તો વધુ પહોળો કરવાનું કામ ચાલી રહ્યું છે, જેના કામ પૂરા થઈ ગયા છે ત્યાંથી બેરિકેડ્સ હટાવવામાં આવી રહ્યા છે. પ્રોજેક્ટ સ્થળે માટીના ઢગલા અને નકામા સામાનને તાત્કાલિકથી હટાવવામાં આવી રહ્યાં છે.





# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

જ્યોતિશ વિશારદ્ • વાસ્તુશાસ્ત્રી • જેમોલોજિસ્ટ
સમીર સેજપાલ : ૯૮૧૯૨૯૮૪૦૪ તા. ૫ જૂન - ૧૧ જૂન ૨૦૨૪

**મેષ (અ,લ,ઈ) :** તમે એક સાથે અનેક કાર્યો હાથ ધરી રહ્યા હોવાથી ડેડલાઈન સાચવી નહી શકો. ક્યારેક ના પાડતા પણ શીખવું તમારી માટે જરૂરી છે. કામકાજ અને ઘરની બાબતો વચ્ચે સમતુલા કેમ જાળવવી એ વિશે વિચારવાનો સમય છે. કોઈપણ એક્શન પ્લાન વિશે સંપૂર્ણ વિચાર કરી લો પછી જ આગળ વધવાની સલાહ છે. ઘર કે ઓફિસ બદલો એવી શક્યતા છે. આવું સ્થળાંતર જોકે સારા માટે જ છે, પરંતુ જૂની જગ્યા સાથેની લાગણીઓ છૂટતા થોડો સમય લાગશે. દસ્તાવેજ પર સહી કરતા પહેલા લખાણ પૂરૂ વાચી લેજો. **સ્ત્રીવર્ગ માટે :** નવા સંપર્કોના ટચમાં રહેશો તો લાભ મેળવી શકશો. ડ્રાઈવીંગ વખતે સાવધ રહેજો.

**વૃષભ (બ,વ,ઉ) :** દૈવી શક્તિઓ જીવનના પ્રત્યેક ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. ધીમે-ધીમે જીવનમાં સ્થિરતા આવતી જશે. આગામી દિવસોમાં સંપૂર્ણ ચિત્ર સ્પષ્ટ બની જશે. જો કોઈ નુકસાન ગયું હોય તો એ સરભર કરવા આ સમયનો ઉપયોગ જરૂર કરજો. પ્રેમના બંધનને વધુ મજબૂત બનાવવાનો આ સમય છે. ચોક્કસ સંજોગોમાં વર્તમાન વિચારો પર શંકા જન્મશે. ભૂતકાળ સાથે વળગણ ધરાવતા વિચારોનો ત્યાગ કરો એવી મારી સલાહ છે. એકાદ મિત્ર અપસેટ હોય અને પોતાની અવગણના થઈ છે એમ તેને લાગતું હોય તો ફોન કરીને મનાવી લેજો. **સ્ત્રીવર્ગ માટે :** ભૂલોનું પુનરાવર્તન ન થાય એ વિશે થોડી વધુ કાળજી રાખજો.

**મિથુન (ક,છ,ઘ) :** તમે સિતારાઓને તોડી લાવવાનો ઈરાદો ધરાવી રહ્યા છો, સાથોસાથ તમારો જુસ્સો બુલંદી પર છે એમ જણાય છે. નીરસતા આવી હોય એવા જીવનના ક્ષેત્રોને આનંદથી ભરી દેવાનો સમય છે. કર્મની સર્જનાત્મક ગતિ શરૂ થઈ રહી હોવાથી સ્વપ્નો સાકાર કરી શકશો. હાલ જીવનમાં સારી બાબતો પર લક્ષ કેન્દ્રિત કરો એવી મારી સલાહ છે. સિંગલ હશો તો કોઈ વ્યક્તિ પ્રત્યે શીઘ્ર આકર્ષણ થશે. નવો ફ્લેટ શોધતા હો તો થોડી વધુ રાહ જોવાથી ફાયદો થશે. સોના-ચાંદીમાં લાંબાગાળે રોકાણ લાભદાયી રહેશે. **સ્ત્રીવર્ગ માટે :** મન શાંત હોય તો જીવન કેવું હોઈ શકે એ આધ્યાત્મિકતાથી સમજી શકશો.

**કર્ક (ડ,હ) :** હાલ તમારા વ્યક્તિત્વનું કુમાશભર્યું અને અન્યની કાળજી લેનારૂં પાસું ઊભરી આવશે. કેટલીક આશ્ચર્યજનક ઘટનાઓ બનશે જેના કારણે ઊંડા આત્મનિરીક્ષણની જરૂર પડશે. પરિવારના ગેટ-ટુ-ગેધરથી નિકટના સ્વજનો સાથેના સંબંધો વધુ ગાઢ બનશે. પરિવારમાં ધાર્મિક કે લગ્ન જેવા શુભ પ્રસંગોની સંભાવના છે. ઈશ્વરે તમારા માટે શી નિયતિ ઘડી છે એ હવે સ્પષ્ટ બનશે. કર્મના સિધ્ધાંત મુજબ હવે જે નિર્ધાર્યું હશે એ મેળવવાનો સમય પાકી ગયો છે. બિઝનેસ સંબંધી તમારી કુશળતા ફરી એક વાર બહાર આવશે એમ જણાય છે. **સ્ત્રીવર્ગ માટે :** ભૂતકાળમાં જે વાવ્યું હશે એ લણવાનો સમય હવે પાકી ગયો છે.

**સિંહ (મ,ટ) :** બહુ ધાંધલધમાલ ન કરો. ધીરજના ફળ મીઠા હોય છે. તમારા આત્મવિશ્વાસને વધારો અને દીર્ઘકાલીન પ્લાનિંગ માટે અંતરના અવાજને અનુસરો એવી મારી સલાહ છે. નવરાશની પળોમાં તમારી સર્જનાત્મક શક્તિ ખીલી ઊઠે છે. હાલ નક્કી કરેલી પ્રાધાન્યતા મુજબ જેટલા કાર્યો પૂરા થઈ શકે એ પાર પાડો. મહત્વનો મુદ્દો એ છે કે જે પરિણામ મેળવો એનાથી તમને સંતોષ થવો જોઈએ. સમયપત્રક મુજબ કામ કરશો તો આવતા સમય માટે નક્કી કરાયેલા કાર્યો પણ પાર પાડી શકશો એમ દેખાય છે. **સ્ત્રીવર્ગ માટે :** તમારૂં ફેમિલી જ તમારી સંપત્તિ છે, સમજ્યાને?

**કન્યા (પ,ઠ,ણ) :** સાવધાનીપૂર્વક વર્તવુ એ તમારો સ્વભાવ છે. ભવિષ્ય માટે પ્લાન બનાવી રહ્યા છો અને મહત્વના પરિવર્તન માટે નિર્ણય લઈ રહ્યા છો એમ જણાય છે. તમે કર્મના એવા તબક્કે પહોંચી ગયા છો જ્યાં જીંદગીનો ઊંડો અર્થ અને હેતુ સમજવા મનમાં પ્રશ્નો ઉઠશે. મિત્ર સાથે થયેલી ગેરસમજ બદલ ખુદ તમે જ પહેલ કરો અને સમજૂતી થઈ જશે એમ દેખાય છે. તમારા આકર્ષક કરિશ્માને કામે લગાડો અને પ્રિયજનને તેમના પગ પર ઊભા રહેતા શીખવો. પ્રવાસ દરમ્યાન ગૂંચવણો ઊભી થવાની શક્યતા છે, આથી તમામ વ્યવસ્થાની ફરી-ફરી ચકાસણી કરી લેજો. **સ્ત્રીવર્ગ માટે :** જે સ્થિતિ ફરી સર્જી ન શકાય એને ભૂલી જતા શીખો.

**તુલા (ર,ત) :** હાલના ગ્રહયોગો શુભ સમયનો સંકેત આપી રહ્યા છે. મોટા પરિવર્તન માટે તૈયાર રહેવાનો સમય છે. અત્યાર સુધીનો સમય જરા મુશ્કેલ હતો પણ હવે બિઝનેસ સંબંધી નવી તકો વિશે વિચારો અને આગળ વધો એવી મારી સલાહ છે. પ્રવાસની યોજના વિલંબમાં મુકાશે અને અણધાર્યા ખર્ચાઓ કરવા પડશે એમ જણાય છે. ઘરના ઈન્ટીરીયરમાં ફેરફાર કરવાનો વિચાર વડીલોને પસંદ નહી પડે. શરૂઆત નાના ફેરફારથી કરો તો સારૂં. વિદ્યાર્થીઓએ સારા પરિણામ માટે લાંબો સમય અભ્યાસ કરવો પડશે. **સ્ત્રીવર્ગ માટે :** જપ-તપ કરવા અને નવી શક્તિઓ મેળવવા આ સમયનો ઉપયોગ જરૂર કરજો.

**વૃશ્ચિક (ન,ય) :** તમારી અંદર રહેલો જુસ્સો અને સ્પર્ધાત્મક પ્રકૃતિ ઊછાળા મારી રહી છે. સાથોસાથ તમે લાગણીઓના પ્રવાહમાં તણાઈ રહ્યા છો એમ દેખાય છે. હાલ આક્રમકતા ઘટાડવાની અને નમ્ર બનવાની ખાસ સલાહ છે. નવા સંબંધો અને પાર્ટનરશિપમાં થોડા દિવસમાં જ મતભેદો બહાર આવવા લાગશે. ઈશ્વરની કૃપા તમારા પર નથી ઊતરતી એમ લાગતું હોય તો કોઈપણ કાર્યમાં ઊતાવળ ન કરો. એને કુદરતી રીતે જ આગળ વધવા દો તો સારૂં. કોઈ નવા વાતાવરણથી કે એકાદ પ્રવાસથી મન રિલેક્સ થશે એમ જણાય છે. **સ્ત્રીવર્ગ માટે :** શક્ય એટલું ઓછું બોલવાનો અભિગમ લાભદાયી રહેશે.


**ધન (ભ,ધ,ફ,ઢ) :** એકાદ સંબધ દ્રઢ બનાવવાનું તમારે મન ઘણું મહત્વનું છે. આ બાબતે ઈશ્વરીય શક્તિઓ તમને મદદ કરવાના મૂડમાં છે. હાલ સતત પ્રયત્નશીલ રહો અને ખુદની ટીકા કરવાની વૃત્તિથી દૂર રહો એવી મારી સલાહ છે. આવકના નવા સ્ત્રોતથી ઊભી થનારી ભવિષ્યની તકો વિશે મન ઉત્તેજના અનુભવશે. ઈન્વેસ્ટમેંટ કરતી વેળા ભવિષ્યની સલામતીનો અવશ્ય વિચાર કરજો. જગ્યા બદલવાના કે પ્રોપર્ટીની ખરીદીના યોગ છે. વિદ્યાર્થીઓએ ધાર્યું પરિણામ મેળવવા અભ્યાસમાં વધુ મહેનત કરવી પડશે. રાતના ઊજાગરા તમને બિમાર કરી શકે છે. **સ્ત્રીવર્ગ માટે :** પાચનક્રિયામાં તકલીફ ઊભી થશે.ડાયટની કાળજી લેજો.

**મકર (ખ,જ) :** હાલ શું કરવું જોઈએ એ તો તમે જાણો જ છો, આથી તમારું સ્વપ્ન પૂરું કરવા આગળ વધો. તમે પ્રયાસ કરશો તો ઈશ્વર પણ સહાયતા કરશે અને તમારા નિર્ધારિત માર્ગ પર આગળ લઈ જશે એમ જણાય છે. ઘરમાં અને મહત્વના એક સંબંધમાં ધીમે-ધીમે સિક્યોરિટીની ભાવના ઊભી થશે. ધાર્યું નહી હોય એવા સ્થળેથી અચાનક આમંત્રણ મળતા જુસ્સો વધી જશે. નોકરીની શોધમાં છો તો સમજી લો કે જેકપોટ લાગી ગયો છે. લાંબા અને સ્નેહાળ સંબંધોવાળી કોઈ વ્યક્તિ સાથે મુલાકાત થશે. આ મૈત્રી પોઝિટિવ વાતાવરણ ઊભું કરી શકશે. **સ્ત્રીવર્ગ માટે :** અનાવશ્યક ખર્ચ વધી શકે છે. કિંમતી ચીજ-વસ્તુઓનું ધ્યાન રાખવું.

**કુંભ (ગ,સ,શ,ષ) :** અત્યંત વ્યસ્ત સમય પછી સહેજ ઈઝી લાઈફની ઈચ્છા થવી સ્વાભાવિક છે. જોકે રૂટીન કાર્યો પર તમારે હજી ધ્યાન આપવું પડશે. મોટા મુદ્દા હાથ ધરો એ પહેલા નાની-નાની સમસ્યાઓ ઉકેલી નાખો એવી મારી સલાહ છે. તમામ કાર્યો પૂર્ણ કરવાના હોવાથી પ્રાધાન્ય મુજબ યાદી બનાવો તો વધારે સારૂં. એકાદ કાનૂની કેસમાં ભાગદોડ કરવી પડશે એમ દેખાય છે. શરદી-ખાંસીની તરત સારવાર લેજો અન્યથા તબિયત બગડી શકે છે. અપરિણીતો માટે લગ્નનું માગું આવશે. **સ્ત્રીવર્ગ માટે :** એકાદ મક્કમ નિર્ણય કરીને કોઈ મનગમતી ચીજનો ત્યાગ કરવો પડશે.

**મીન (દ,ચ,ઝ,થ) :** તમારા અભિપ્રાયને વળગી રહેવાનું જિદ્દી વલણ હાનિકારક સાબિત થશે. શું વાસ્તવિક છે અને શું અવાસ્તવિક એ તમે જાણો છો, આથી હાલ તમારી ઈચ્છાઓ પર લગામ રાખો એવી મારી સલાહ છે. સંબંધોમાં ઊષ્મા ઓછી થઈ હોવાનું પણ લાગશે. જોકે વાતચીતનો વ્યવહાર ફરી શરૂ કરી સંબંધોને ઉષ્માપૂર્ણ બનાવી શકશો. પ્રિયજન સમજદાર હોવાથી મદદરૂપ બનશે એમ જણાય છે. યાત્રા-પ્રવાસના યોગ છે. રાતના મોડે સુધી જાગવું યુવાનોને ભારી પડી શકે છે. યોગ-ધ્યાન-સાધના માટે આ સમયનો અવશ્ય ઉપયોગ કરજો. **સ્ત્રીવર્ગ માટે :** લાગણીઓને નિયંત્રણમાં રાખતા શીખો.

# Fasting (ઉપવાસ) તપ



ઉપવાસનું સુક્ષ્મ અર્થ આત્મા (દરેક જીવની અંદર બેઠેલા ભગવાન)ની નજીક વાસ (રહેવું) કરવું. પણ સામાન્ય લોકોમાં ઉપવાસ એટલે નક્કી કરેલા નિયમ મુજબ ન ખાવું, ઓછું ખાવું, અમુક જ આઈટમ ખાવીનો અર્થ થતો હોય છે. પ્રચલિત ધાર્મિક શ્રધ્ધા, વ્યક્તિગત જીવનશૈલી સ્વસ્થ રાખવા, વજન ઘટાડવા લોકો ઉપવાસ કરતા હોય છે.

- સામાન્યપણે ઉપવાસ કરતા અથવા બાદમાં ચક્કર, ઉબ્કા, માથાનો દુઃખાવો, નબળાઈ, ઊંઘ ન આવી જેવા અનુભવ ઘણાને થાય છે.
- ઉપવાસથી ફાયદાઓમાં વજન ઘટે છે, બ્લડ સુગર કરવા 'ઈન્સુલિન' Insulin ની અસર સારી થાય છે, બ્લડ સુગર, બ્લડ પ્રેશર ઘટે છે. હૃદય સંબંધી રોગનું જોખમ ઘટી શકે છે. માનસિક તાણ ઓછું થાય છે. એવું વૈજ્ઞાનિકો દાવો કરતો હોય છે.
- અનેકોને ઉપવાસ વખતે અથવા બાદમાં તકલીફો, આડઅસર શરીરમાં થાય છે.
- ભૂખ લાગવી, ખાવા માટે તીવ્ર ઝંખના થવી (Hungry, Cravings for Food)
- આગળના ભાગમાં માથાનો દુઃખાવો.
- અપચો. ઝાડા, કબ્જીયાત, પેટ ભારી, ફુલાઈ જવું, ઉબકા.
- ચીડચીડપણું, બેચેની, મુડી થવું, ડલ થવું.
- નબળાઈ, અશક્તિ, થાક લાગવું.
- મોઢા અને શ્વાસમાંથી વાસ આવી.
- ઊંઘમાં ખલેલ, પુરી ન થવી.
- પેશાબ વધારે થવું. શરીરમાં પાણી ઘટી જવું. (Dehydration)
- કુપોષણ

ઓછું અથવા કેલોરી વગરનું ખોરાક, બ્લડ સુગર, નમક (sodium), ઓછું થવાથી ઉપરના ચિન્હો ફરિયાદ થતા હોય છે.

ઉપવાસ ન કરવા (Avoid)

- પ્રેગનેન્સી વખતે, પ્રસુતિ બાદ બચ્ચું માતાનું દૂધ લેતું હોય.
- નાના બાળકો, યુવાનો, વૃધ્ધો ખાસ
- રોગપ્રતિકાર શક્તિ ઓછી હોય
- ખાવા બાબતની પહેલી જ મુશ્કેલી હોય
- યાદશક્તિ ઘટી ગયેલી હોય.
- ડાયાબિટીશ ખાસ કરીને દવા-ઈન્સુલીન ઈંજેક્શન લેતા હોય.
- અન્ય બીમારી માટે દવા લેતા હોય.

સામાન્યપણે બધા ધર્મમાં સમયે સમયે (પોતાની યથાશક્તિથી) ઉપવાસ કરવાથી શરીર નિરોગી સ્વસ્થ રહે છે એવું લોકોને સમજાય છે. તેમાં શ્રધ્ધા, આસ્થા, બિલિફ બહુ જ મહત્વનું કામ કરે છે.

પણ જૈન ધર્મમાં ૩,૮,૧૫,30 સળંગ ઉપવાસ ગરમ પાણી સાથે અથવા વગર કરનારનો બહુજ મોટો વર્ગ છે. ખાસ કરીને પર્યુષણ પર્વના દિવસોમાં. બીજા અલગ અલગ વ્રત (આયંબીલ, વરસીતપ, ચૌવિહાર) કરનારનો વર્ગ પણ મોટો છે.

આવી કઠિન તપસ્યા (ઉપવાસ) તો કુદરત અને પરમ પૂજ્ય સાધુ-સાધ્વી, આર્ચાયોના આશીર્વાદ અને કૃપાનું ફળ છે, પરિણામ છે એવું જૈન લોકો દ્રઢપણે માનતા હોય છે. મોટા વર્ગને સારી શાંતા રહેતી હોય છે. હા વ્યક્તિનું પુણ્યબળ, મનોબળ, આત્મબળ ઉપવાસ કરવા અને પુર્ણ કરવા જબરદસ્ત પ્રાણ પુરતું હોય છે.

ઉપવાસ કરતા પહેલા અથવા ઉપવાસ કરતી વખતે વધારે સહન ન થાય એવી તકલીફો ઉભી થાય તો ડોક્ટરનું માર્ગદર્શન, સારવાર વહેલી તક લેવી હિતવાહક રહેશે.

- ડૉ.જયંતીલાલ પી.ખોના (LCEH (Mum.)
Ph.: 8779985316

# શ્રી મુલુંડ ગુજરાતી સમાજ દ્વારા મુલુંડની એસ.એસ.સી. ટોપર વિદ્યાર્થીનીનું સન્માન




શ્રી મુલુંડ ગુજરાતી સમાજ દ્વારા,એસ.એસ.સી.માં ૯૮.૪% માર્ક્સ મેળવી મુલુંડની ટોપર, ગુજરાતી વિદ્યાર્થીની કુ.જિયા કોટકનું પ્રશસ્તિપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી મુલુંડ ગુજરાતી સમાજના પ્રમુખ શ્રી શરદ ભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી રમેશભાઈ કોટક, મંત્રી શ્રી અલ્પેશભાઈ દેઢિયા,કમિટી મેમ્બર શ્રી દિપકભાઇ શાહ સાથે વિદ્યાર્થીની કુ. જિયા કોટક એના મમ્મી, પપ્પા અને દાદીમા હાજર રહ્યાં હતા.


## Basic Pranic Healing Course

Be The Radiant You
ucchikha

### Highlights of the workshop

- Learn more about chakras
- Knowledge about energy body and Aura
- Learn scanning of energy levels
- Learn very powerful breathing technique
- Law of the energy world
- Meditation on Twin Hearts
- Heal yourself and your family
- Distant Pranic Healing

**Date : 15th-16th June & 22nd-23rd June 2024**

**Time : 9.00am - 6.00pm**

**Fees : Rs. 7000/- Only**

Address :-
3001/Neptune Uptown, N. S. Road, Mulund (W), Mumbai - 400 080.
Landmark : Shiv Sagar Hotel/Axis Bank/Waman Hare Pethe

**Contact : 9987025308 / 9967302303**


# SSC બોર્ડની પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ સાથે ઝળહળી નવભારત નૂતન વિદ્યાલય

દર વર્ષની જેમ આ વર્ષે ૨૦૨૩-૨૪ની એસ.એસ.સી.બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓએ ઝળહળતી સફળતા મેળવી શાળાનું નામ રોશન કર્યું છે. શાળાનું અભ્યાસમય વાતાવરણ, દર્જેદાર શિક્ષણ અને શાળાની પ્રગતિ માટે સતત કાર્યશીલ રહેનાર ટ્રસ્ટીગણ, પ્રિન્સિપાલ, શિક્ષકગણ અને શિક્ષકેતર કર્મચારીઓના સુચારુ ટીમવર્ક શાળાની ગુણવત્તા વધારવામાં મદદરૂપ બને છે. બાળકોના ઉત્કૃર્ષ માટે અથાગ પરિશ્રમ કરનારા અને યોગ્ય માર્ગદર્શન આપનારા શિક્ષકોના સહકારથી ઉત્કૃષ્ટ પરિણામ લાવનાર વિદ્યાર્થીઓ **ગુજરાતી માધ્યમ :**



**જેઠવા જય આર-૯૦.૪૦%,**
**પઢીયાર આર્યન એમ-૮૭%,**
**જેઠવા નમન એસ.-૭૯.૮૦%.**
**શાળાનું ગુજરાતી માધ્યમનું પરિણામ-૭૩.૬૮%**

બંને માધ્યમના ધોરણ ૯, ૧૦ના વિદ્યાર્થીઓ એસ.એસ.ને બદલે ટેક્નીકલ વિષય (ઈલેક્ટ્રીકલ/મેકેનીકલ) પસંદ કરી શકે છે. ટેક્નીકલ વિષય સંપૂર્ણ મુલુંડમાં અમારી શાળા માત્ર ઓફર કરે છે. આ વિષયની પસંદગી સાથે બાળકો ઉત્કૃષ્ટ પરિણામ મેળવે છે.




**અંગ્રેજી માધ્યમનું પરિણામ :**
**વણઝારા ગણેશ મુરારી-૯૦%,**
**જૈસ્વાલ ભાવેશ જયપ્રકાશ-૮૯%,**
**ઠક્કર ખુશી નારાયણ-૮૪.૨૦%.**
**શાળાના અંગ્રેજી માધ્યમનું પરિણામ-૧૦૦% આવેલ છે.**

નવભારત શાળાનું એકંદર પરિણામ-૮૯.૪૭% (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ) મળીને શાળાના ટ્રસ્ટી પ્રેસિડેન્ટ શ્રી ધીરજભાઈ શાહ તથા સેક્રેટરી શ્રી પ્રવિણભાઈ શાહ તથા સંપૂર્ણ મેનેજીંગ કમિટી, પ્રિન્સિપાલ હેમાલીબેન ગાલા, ગુજરાતી માધ્યમના સુપરવાઈઝર તેજલકુમાર નાયક તથા અંગ્રેજી માધ્યમના સુપરવાઈઝર શ્રીમતી સ્વપ્નાલી સાળવી તથા શાળાના શિક્ષકગણે બધા જ વિદ્યાર્થીઓને એસ.એસ.સી.માં ઝળહળતી સફળતા મેળવવા બદલ શુભેચ્છા સાથે આશિષ આપ્યા હતા.


**કાયમી ટ્રસ્ટી :** શ્રી સુરેન્દ્ર પી. સોમૈયા
**ટ્રસ્ટીઓ :** શ્રી ધીરજ એસ. શાહ ● શ્રી આનંદજી આર.ગડા ● ડો.પ્રવિણ જે.દૈયા
**વ્યવસ્થાપન સમિતિ :** શ્રી ધીરજ એસ. શાહ (ટ્રસ્ટી અને પ્રમુખ)
શ્રી ચંદ્રકાંત એચ. શાહ (સભ્ય અને ઉપપ્રમુખ) ● શ્રી પ્રવિણ એચ. શાહ (સભ્ય અને માન. સચિવ)
શ્રી આનંદજી આર.ગડા (ટ્રસ્ટી અને ખજાનચી)
**સભ્યો :** શ્રી ખીમજી એન. જોબનપુત્રા ● શ્રી વલ્લભજી ડી. પાસડ ● શ્રી જય કે. મજેઠીયા
**કો-ઓપ્ટ સભ્યો :** શ્રી વિશાલ પી. દેઢિયા ● શ્રી સચિન પી. મહેર


## હમણાંના તીવ્ર હરિફાઈના વૈજ્ઞાનિક અને ટેકનોલોજીના યુગમાં ગુણવત્તા પૂર્ણ શિક્ષણમાં નંબર એક વિદ્યાલય નવભારત નૂતન વિદ્યાલય



હેમાલી ગાલા (પ્રિન્સિપાલ)

સારા સંસ્કાર, ઉચ્ચ ચરિત્ર, આપણી સંસ્કૃતિથી શિક્ષણનો એકમાત્ર આધાર એવા વિદ્યાલયની વિશેષતા

- ★ યોગ્ય અનુભવી અને કાબેલ શિક્ષકો દ્વારા શિક્ષણ
- ★ ધોરણ જુનિયર કે.જી. થી દસમી સુધીનું શિક્ષણ
- ★ અભ્યાસની માસિક તપાસણી અને તેનું મૂલ્યાંકન. વિદ્યાર્થીઓના ગૃહકાર્યની રોજે રોજ તપાસ અને તેનું કરાતું મૂલ્યાંકન
- ★ વિદ્યાર્થીઓના શારીરિક અને બૌધ્ધિક વિકાસ હેતુસર કસરત, રમત ગમત અને યોગાભ્યાસનો શિક્ષણ
- ★ વિદ્યાર્થીઓના ઉજવળ ભવિષ્ય માટે શૈક્ષણિક અને મનોવૈજ્ઞાનિક સેમિનારનું આયોજન
- ★ ડિજિટલ અને ઈ-શિક્ષણની સુવિધા ઉપલબ્ધ
- ★ ડિજિટલ વર્ગ, સુસજ્જ વિજ્ઞાન પ્રયોગ શાળા, ગૂગલ વર્ગ, આધુનિક કોમ્પ્યુટર રૂમ, આદર્શ પુસ્તકાલય, ઈન્ડોર રમત માટે કક્ષ

**જુનિયર કે.જી. થી દસમાં ધોરણ સુધી નવા શૈક્ષણિક સત્ર માટેની પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. તો જલ્દીથી જલ્દી સંપર્ક કરો.**

**સંસ્થા મુખ્ય કાર્યાલય : નવભારત નૂતન વિદ્યાલય, સુભાષ રોડ, મુલુંડ પશ્ચિમ, મુંબઈ-૮૦.**
**સંપર્ક : 022-25681787/88 તથા મોબાઈલ નં.8928774068**

## મેડિકલ ઈન્સ્યુરન્સ પોલિસી માટે નવા નિયમો ૩૧ જુલાઈથી અમલી થશે

ઈન્સ્યોરન્સ રેગ્યુલેટર ઓફ ઈન્ડિયા (આઇઆરડીએઆઈ) એ હેલ્થ પોલિસીઓના નિયમમાં થોડા ફેરફાર કર્યા છે. આઈઆરડીએઆઈએ હેલ્થ ઈન્શ્યોરન્સ પર પંચાવન સર્ક્યુલરોને રદ કરીને એક માસ્ટર સર્ક્યુલર બહાર પાડયો છે, જેના થકી પોલિસીધારકને એવી વિનંતી કરવાથી ૩ કલાકમાં ક્લેમ સેટલમેન્ટની સુવિધા મળી શકે છે.

આઈઆરડીએઆઈએ જણાવ્યું હતું કે વીમા કંપનીને હોસ્પિટલથી ડિસ્ચાર્જ માટેની વિનંતી પ્રાપ્ત થવામાં ત્રણ કલાકની અંદર મામલાને સેટલ કરવો પડશે. કોઇ પણ સ્થિતિમાં પોલિસીધારકને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થવા માટે રાહ જોવડાવવી નહીં. ત્રણ કલાકથી વધુ મોડું થાય તો હોસ્પિટલ દ્વારા લેવામાં આવતી વધારાની રકમ ઈન્સ્યોરન્સ કંપનીના શેરધારકોના ફંડમાંથી ચૂકતે કરવામાં આવશે.

## કિડની અને હાડકાં રોગ નિદાન કેમ્પનું ઘાટકોપર મધે આયોજન

રાયચંદભાઈ ધરમશી અને કિરીટભાઈ લાપસીયા સંચાલિત કિડની અને હાડકાં રોગ નિદાન કેમ્પ તા.૮ જૂન શનિવારે સવારે ૮ થી ૧૧.૩૦ દરમ્યાન અનંતછાયા, આર.બી.મહેતા માર્ગ ઘાટકોપર પૂર્વ સ્થળે આયોજિત કરાયો છે. કેમ્પમાં નિષ્ણાત સર્જન ડૉ.રાજેશ ઠક્કર પોતાની સેવા આપશે.

કેમ્પનો લાભ લેવા ઈચ્છુકો રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજિસ્ટ્રેશન માટે શ્વેતા લાલકાનો-૯૮૧૯૯૮૫૯૫૩નો સંપર્ક કરવો.

## મુલુંડના ગુજરાતી વિદ્યાર્થીઓને માટે શ્રી મુલુંડ ગુજરાતી સમાજ માઈનોરિટી સર્ટિફિકેટ આપશે

મુલુંડ વિસ્તારના પીન કોડ નં.૮૦, ૮૧ તથા ૮૨માં વસતા ગુજરાતી વિદ્યાર્થીઓને કોલેજ પ્રવેશ માટે જરૂરી ગુજરાતી માઈનોરિટી સર્ટિફિકેટ આપવાની વ્યવસ્થા શ્રી મુલુંડ ગુજરાતી સમાજે કરી છે. જે મેળવવા માટે વિદ્યાર્થીએ માર્કશીટ અને આધાર કાર્ડની ફોટો કોપી સાથે લાવવાની રહેશે.

સર્ટિફિકેટ લેવા ક્યાં આવવાનું છે એ જાણવા માટે શરદભાઈ પટેલ-૯૩૨૪૧૬૬૦૮૭, દીપકભાઈ શાહ-૯૩૨૨૬૦૨૫૯૦, કલ્પના ખંધેડીયા-૯૨૨૧૫૧૮૮૪૯નો સંપર્ક કરવો. પૂરતાં પ્રમાણ જોયા પછી જ સર્ટિફિકેટ આપવામાં આવશે. મોઈનોરિટી કોટામાં પ્રવેશ આપતી કોલેજમાં પ્રવેશ મેળવવા સિવાય બીજે ક્યાંય આ સર્ટિફિકેટનો ઉપયોગ કરવો નહીં અને આવા કોઈપણ દુરુપયોગ માટે સંસ્થા જવાબદાર રહેશે નહીં.

## આવકવેરા ટ્રિબ્યૂનલનો નિર્ણય : પત્નીના નામે ઘર લીધું હશે તો મળશે કરમાં રાહત

કોઇ એક વ્યક્તિએ પોતાની માલિકીના નામનું ઘર વેચ્યું અને તેના વેચાણ દ્વારા મળેલાં નાણાંમાંથી બીજું ઘર જો તેણે પત્નીના નામ પર લે તો એ વ્યક્તિને કેપિટલ ટેક્સમાં છૂટ મળી શકે છે, એવો મહત્ત્વપૂર્ણ નિર્ણય મુંબઈની આવકવેરા ટ્રિબ્યુનલે આપ્યો છે.

જો કોઇ વ્યક્તિ ઘર વેચે અને એ જ પૈસામાંથી જો પોતાના નામ પર બીજું ઘર વેચાતું લે તો તેના પર જ તેના આજ સુધી કરમાં છૂટ મળતી હતી. તે જો તેની પત્નીના નામે એ પૈસાથી ઘર વેચાતું લે તો તેને છૂટ મળતી નહોતી. જોકે આને આનુષાંગિક કાયદાની કલમમાં ફેરફાર કરીને ટ્રિબ્યુનલે મહત્ત્વનો નિર્ણય આપ્યો છે. ઘરના વેચાણ દ્વારા મળતાં નાણાં પર દીર્ઘકાલી કેપિટલ ટેક્સની વસૂલી કરવા સંદર્ભની પ્રક્રિયા આવકવેરા કાયદાની કલમ ૫૪માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઘરનું વેચાણ કરવાથી જે પૈસાથી આખા વર્ષ દરમિયાન એ જ પૈસાથી બીજું ઘર વેચાતું લીધું હોય તો તેના પર ટેક્સ વસૂલવામાં નહીં આવે. આ ઘર કોના નામે લેવું એ અંગે અમુક અસ્પષ્ટતા હતી. હાલમાં જ એક વ્યક્તિએ પોતાનું ઘર વેચીને બીજું ઘર તેની પત્નીના નામે ખરીદ્યું હતું. એવી સ્થિતિમાં તેને કેપિટલ ટેક્સમાં રાહત મળી ન શકે એવું આવકવેરા વિભાગે જણાવ્યું હતું. આની સામે એ વ્યક્તિએ ટ્રિબ્યુનલમાં અપીલ કરી હતી. આ બાબતે ટ્રિબ્યુનલે મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો હતો.

## રાષ્ટ્રસંત પ.પૂ.આ. દેવ શ્રી ચંદ્રાનનસાગર સૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં મહામાંગલિક, મહાભક્તિ અને પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન

જિનશાસન શણગાર ગચ્છાધિપતિ દાદાગુરૂદેવ પૂ.આ.દેવ શ્રી દર્શનસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પૂ.સંગઠનપ્રેમી પૂ.આ. દેવ શ્રી નિત્યોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના દિવ્ય આશિષ સાથે મહામાંગલિક સમ્રાટ, જાપ-ધ્યાનનિષ્ઠ પ .પૂ.આ.ગુરૂદેવ શ્રી ચંદ્રાનનસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં રાજસ્થાનના ઉગ્ર વિહાર દરમ્યાન ઓલા દર (મજેરા)માં મહામાંગલિક જેના લાભાર્થી મોહનલાલ ધર્મચંદ્ર નાનાલાલ કોઠારી પરિવાર હતા. પડાસલીમાં મહાભક્તિ થઈ હતી. વરકાણા તીર્થ પાસે બિજોવા શહેરમાં પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થયો જેના લાભાર્થી ભંવરલાલ જગાવત પરિવાર હતા. પૂ.સાધ્વીજી શ્રી કલ્પિતાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી ચારૂતાશ્રીજી મ.સા. (બેન મ.સા.) આદિ ઠાણાની નિશ્રામાં ઉપરોક્ત કાર્યક્રમો થયાં હતા.

## શ્રી લોહાણા સ્નેહમિલન મુલુંડ દ્વારા લાઈવ મ્યુઝિક શો સૂરિલા સ્નેહમિલનની પ્રસ્તુતિ




તા.૧૪ જૂન શુક્રવાર રાત્રે ૯ કલાકે મહાકવિ કાલિદાસ ઓડિટોરિયમમાં શ્રી લોહાણા સ્નેહમિલન મુલુંડ પ્રસ્તુત ૬ઠો કાર્યક્રમ લાઈવ મ્યુઝિક શો સૂરિલા સ્નેહમિલની પ્રસ્તુતિ સૂર મંજૂલા સ્ટુડિયો દ્વારા કરાશે. લાઈવ મ્યૂઝિક શોના ઓર્ગેનાઈઝર સિંગર કલ્પેશ પંડિતપૌત્રા અને કોઓર્ડીનેટર સિંગર ક્રિષ્ણા કોટક છે. ગ્રુપના સભ્યોને સમયસર પધારવા વિનંતી.

## મીની ચાતુર્માસ બાદ ચાતુર્માસ પરિવર્તન જેવો માહોલ

ગોંડલ સંપ્રદાયના પ્રાણ પરિવારના સ્વાધ્યાય શ્રેષ્ઠી પ.પૂ. ડૉ.જશુભાઈ સ્વામી, પ્રવચન પ્રભાવક ગુરૂણીમૈયા પ.પૂ. શ્રીયાબાઈ સ્વામી કોકીલકંઠી પ.પૂ.શ્રુતિબાઈ સ્વામી, મધુર વ્યાખ્યાની પ.પૂ.સ્વરૂપાબાઈ સ્વામી આદિઠાણા ૪ સફળતમ શેષકાળમાં મીની ચાતુર્માસ જેવો માહોલ ૧૪ દિવસ તા.૨૦ મે થી ૨ જૂન સુધી ૧૪ દિવસની સ્થિરતા દરમ્યાન ૧૩ દિવસ સળંગ મનનીય પ્રવચનો ફરમાવી. ૧૩ દિવસ સતત વ્યાખ્યાન પ્રભાવના, જાપ, અરિહંત વંદનાવલિ, એકાસણા તપ, આયંબીલ તપ કરાવેલ. જેનો લાભ ધર્મપ્રેમી ભાઈ-બહેનોએ લાભ લીધેલ. તેઓનું આગામી સને ૨૦૨૫નું ચાતુર્માસ સને ૨૦૦૧ બાદ ૨૪ વર્ષ બાદ તાંબેનગર સંઘને પ્રાપ્ત થયેલ છે. જેનો સમગ્ર ચાતુર્માસની વ્યાખ્યાન પ્રભાવનાનો લાભ સતીજીઓના આશિર્વાદથી તેમજ સંઘની મહેરબાનીથી સંઘવી પરિવારને મળેલ છે. તેમજ સને ૨૦૨૫ બાદ જો આ સતીજીઓ તથા ગુરૂણીમૈયાનું ચાતુર્માસ તાંબેનગર સંઘને મળે તો જ્યાં સુધી પી.આર.ઓ. દિનેશ સંઘવીની હયાતી રહે ત્યાં સુધી ચાતુર્માસ પ્રભાવનનો લાભ સંઘવી પરિવારને મળે તેવી ભાવના ગુરૂણીમૈયાને વ્યક્ત કરી તેમજ શ્રી સંઘને જાહેરમાં વિનંતી કરેલ છે. સતીજીઓ તાંબેનગર સંઘથી ધર્મપ્રેમી, સતીજીના પરમ ભક્ત સૌ.ભારતીબેન ભરતભાઈ બાપાલાલ ગોસલીયા પરિવારને ત્યાં સુધી ૨ દિવસની સ્થિરતા રાખી. બુધવાર તા.૫ જૂનના રોજ સર્વોદય સંઘમાં જવાની ભાવના ધરાવે છે. તેઓનું આગામી ચાતુર્માસ સને ૨૦૨૪નું રાજાવાડી સંઘ ખાતે નિર્ધારેલ છે. ત્યાં પણ સૌ. કિરણબેન જીતેન્દ્રભાઈ વોરા જેઓ સંઘમાં આગળ પડતા છે તેઓ પ્રતિક્ષા કરી રહ્યા છે અને તેઓ સર્વે ચાતુર્માસ સફળતાને વરે તેવી સર્વે ભાઈ બહેનો મહેનત કરી રહ્યા છે.

સતીજીઓ ૨૦૨૪નું ચાતુર્માસ સફળ કરી વહેલા વહેલા તાંબેનગર સંઘને શેષકાળનો લાભ આપે એવી અપેક્ષા.

– દિનેશ રમણીકલાલ સંઘવી

## સ્ટ્રેસ મેનેજમેન્ટ દ્વારા બ્લડ સ્યુગરનું નિયંત્રણઃ સ્ટ્રેસ અને ડાયાબીટીસવચ્ચેની કડી




*ડાયાબિટીસ ના થયું હોય તેવી વ્યક્તિઓ માટે લાંબા સમય સુધી માનસિક તણાવ (ક્રોનિક સ્ટ્રેસ) એ એક મોટો પડકાર છે. તણાવને કારણે લોહીમાં શર્કરા (સ્યુગર)ના સ્તરમાં વધારો થઈ શકે છે, જે ડાયાબિટીસથી થતી ગૂંચવણો (કોમ્પ્લિકેશન્સ)નું જોખમ વધારી શકે છે. ડાયાબિટીસ ધરાવતી વ્યક્તિઓ માટે તેમના બ્લડ સુગરના સ્તર પર માનસિક તણાવની અસરને સમજવા અને તેને નિયંત્રિત કરવા માટે પગલાં લેવા તે મહત્વપૂર્ણ છે.*

*તણાવને નિયંત્રિત કરવાની એક રીત છે કસરત. નિયમિત શારીરિક પ્રવૃત્તિ માનસિક તણાવના સ્તરને ઘટાડવામાં અને બ્લડ સ્યુગરના નિયંત્રણમાં સુધારો કરવામાં મદદ કરી શકે છે. તણાવ ઓછું કરવાની અન્ય તકનીકો જેમ કે ધ્યાન અને ઊંડા શ્વાસ પણ મદદરૂપ થઈ શકે છે. ડાયાબિટીસ ધરાવતી વ્યક્તિઓ માટે સ્વ-સંભાળને પ્રાધાન્ય આપવું અને આરોગ્ય સંભાળ વ્યવસાયિકો અને કુટુંબીજનો અને મિત્રોનો સપોર્ટ મેળવવો મહત્વપૂર્ણ છે.*

*ડાયાબિટીસ ધરાવતી વ્યક્તિઓ માટે માનસિક તણાવના ચિહ્નોથી વાકેફ રહેવું અને તેને નિયંત્રિત કરવા માટે પગલાં લેવા પણ મહત્વપૂર્ણ છે. માનસિકતણાવના કેટલાક ચિહ્નોમાં ચીડિયાપણું, થાક અને ઊંઘ આવવામાંમાં મુશ્કેલીનો સમાવેશ થાય છે. આ ચિહ્નોને ઓળખીને અને માનસિક તણાવને નિયંત્રિત કરવા માટે પગલાં લેવાથી, ડાયાબિટીસ ધરાવતી વ્યક્તિઓ તેમના એકંદર આરોગ્ય અને સુખાકારીમાં સુધારો કરી શકે છે.*

*નિષ્કર્ષમાં, ડાયાબિટીસ ધરાવતી વ્યક્તિઓમાં માનસિક તણાવ બ્લડ સ્યુગરના નિયંત્રણ પર નોંધપાત્ર અસર કરી શકે છે. વ્યાયામ, ધ્યાન અને અન્ય તણાવ વ્યવસ્થાપન (સ્ટ્રેસ મેનેજમેન્ટ) તકનીકો દ્વારા માનસિક માનસિક તણાવનું મેનેજમેન્ટ કરીને, ડાયાબિટીસ ધરાવતી વ્યક્તિઓ તેમના બ્લડ સ્યુગરના નિયંત્રણમાં સુધારો કરી શકે છે અને ડાયાબિટીસથી થતી કોમ્પ્લિકેશન્સનું જોખમ ઘટાડી શકે છે. ડાયાબિટીસ ધરાવતી વ્યક્તિઓ માટે સ્વ-સંભાળને પ્રાધાન્ય આપવું અને માનસિક તણાવનું સંચાલન કરવા અને તેમના એકંદર આરોગ્ય અને સુખાકારીને સુધારવા માટે આરોગ્યસંભાળ વ્યવસાયિકો અને કુટુંબીજનો તેમ જ મિત્રોનો સપોર્ટ મેળવવો મહત્વપૂર્ણ છે.*

# ચૂંટણીના પરિણામો પછી નરેન્દ્ર મોદીનું રાષ્ટ્રને સંબોધન



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈ કાલે રાત્રે ૯ વાગ્યે દિલ્હીમાં ભાજપના મુખ્યાલયમાંથી રાષ્ટ્રને સંબોધન કર્યું હતું. જેમાં તેમને દેશવાસીઓને સ્નેહ અને લાગલગાટ ત્રીજી આશીર્વાદ આપવા બદલ અભિનંદન આપ્યા હતા અને કહ્યું હતું કે આજનો દિવસ ભાવનાત્મક દિવસ છે.હું તમામ દેશવાસીઓનો ઋણી છું, તમેમે બધાએ પૂરી ઇમાનદારીથી પ્રયાસ કર્યોમોદીએ કહ્યું - મારી માતાના મૃત્યુ પછી આ મારી પ્રથમ ચૂંટણી લડ્યો છું પરંતુ દેશની માતાનો અને બહેનોએ મને આશીર્વાદ અને પ્રેરણા આપી હતી. નરેન્દ્ર મોદી ત્રીજી વખત વડાપ્રધાન બનશે અને દેશના બીજા એવા નેતા બનશે, જેમણે સતત ત્રીજી વખત પીએમ બનવાનો રેકોર્ડ બનાવ્યો છે. આ પહેલા આ રેકોર્ડ જવાહર લાલ નેહરુના નામે હતો. ભારતના ઈતિહાસમાં આ એક ઐતિહાસિક સિદ્ધિ છે.

૧૦ વર્ષ પહેલા દેશે અમને પરિવર્તન માટે જનાદેશ આપ્યો હતો. એ સમય હતો જ્યારે દેશ નિરાશામાં ડૂબી ગયો હતો. દરરોજ અખબારોની હેડલાઈન્સ કૌભાંડોથી ભરેલી હતી, દેશની યુવા પેઢી તેમના ભવિષ્યને લઈને ભયભીત થઈ ગઈ હતી. ત્યારે દેશે આપણને નિરાશાના ગહન મહાસાગરમાંથી આશાના મોતી કાઢવાની જવાબદારી સોંપી હતી. અમે બધાએ પૂરી ઇમાનદારીથી પ્રયાસ કર્યો અને કામ કર્યું. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે આ INDIA ગઠબંધનના લોકો સાથે મળીને પણ એટલી સીટો જીતી શક્યા નથી, જેટલી ભાજપે એકલા હાથે જીતી છે. પીએમ મોદીએ કહ્યું, 'આ જનાદેશના ઘણા પાસાઓ છે. ૧૯૬૨ પછી આ પ્રથમ વખત છે કે જ્યારે કોઈ સરકાર તેના બે કાર્યકાળ પૂર્ણ કર્યા પછી સતત ત્રીજી વખત સત્તામાં આવી હોય'. પીએમે તેમના સંબોધન દરમિયાન કહ્યું કે જમ્મુ-કાશ્મીરના મતદારોએ આ ચૂંટણીમાં રેકોર્ડ મતદાન કરીને અભૂતપૂર્વ ઉત્સાહ દર્શાવ્યો છે અને વિશ્વભરમાં ભારતને બદનામ કરનારી શક્તિઓને અરીસો બતાવ્યો છે.

વિધાનસભા ચૂંટણીને લઈને પીએમ મોદીએ કહ્યું કે, અમે ઓડિશામાં સરકાર બનાવવા જઈ રહ્યા છીએ. અમને આ રાજ્યમાંથી લોકસભાની બેઠકો પણ મળી છે અને આ પહેલીવાર છે જ્યારે ભગવાન જગન્નાથની ભૂમિ પર ભાજપનો મુખ્યમંત્રી હશે. પીએમએ કેરળ અને તેલંગાણા વિશે પણ વાત કરી. પીએમે કહ્યું કે અમારા કાર્યકર્તાઓએ કેરળમાં ખૂબ મહેનત કરી.પીએમ મોદીએ ચૂંટણી પંચની પ્રશંસા કરતા કહ્યું કે તેમણે પોતાની જવાબદારી સારી રીતે નિભાવી છે. પીએમ મોદીએ કહ્યું, આ વિશ્વના સૌથી મોટા લોકતંત્રની જીત છે. ભારતના બંધારણ પ્રત્યેની અતૂટ વફાદારીની આ જીત છે. આ વિકસિત ભારતના વચનની જીત છે. 'સબકા સાથ-સબકા વિકાસ'ના આ મંત્રની જીત છે. આ ૧૪૦ કરોડ ભારતીયોની જીત છે.

નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનની શરૂઆત 'ભારત માતા કી જય' અને 'જય જગન્નાથ'થી કરી હતી. PMએ કહ્યું - આજનો દિવસ ખૂબ જ શુભ છે. આ શુભ દિવસે એનડીએ સતત ત્રીજી વખત સરકાર બનાવવા જઈ રહી છે.


આ ઉપરાંત મોદીજીએ તેમના છેલ્લા ૧૦ વર્ષના કાર્યકાળમાં કોરોના કાળમાં વેક્સિન અને ચંદ્રયાનની સફળતા જેવી અનેક સિધ્ધિઓ અંગે વિગતવાર માહિતી આપી હતી. તેમના ત્રીજા કાર્યકાળમાં ભારતને ડિફેન્સમાં દેશને આત્મનિર્ભર બનાવશે. ગ્રીન એનજીર્માં દેશને વિશ્વમાં અગ્રેસર બનાવશે. યુવાઓને શિક્ષણ અને રોજગાર અપાવશે. અંતમાં તેમને કહ્યું હતું કે દેશવાસીઓના આશિર્વાદ એ તેમના માટે કામ કરવાની ઉર્જા છે અને હું ૧૪૦ કરોડ દેશવાસીયોને નમન કરું છું.

## ઈશાન મુંબઈનું એરિયાવાઈઝ રિઝલ્ટ

| વિધાનસભા ક્ષેત્ર | મિહિર કોટેચા | સંજય પાટીલ | લીડ/ડેફીસીટ |
|---|---|---|---|
| મુલુંડ | 116421 | 55979 | 60442 |
| વિક્રોલી | 52807 | 68672 | -15865 |
| ભાંડુપ | 75659 | 79117 | -3458 |
| ઘાટકોપર (વેસ્ટ) | 63370 | 79142 | -15772 |
| ઘાટકોપર (ઈસ્ટ) | 83231 | 49622 | 33609 |
| માનખુર્દ શિવાજી નગર | 28101 | 116072 | -87971 |
| પોસ્ટલ બેલેટ | 1487 | 2333 | -846 |
| કુલ | **421076** | **450937** | **-29861** |










# આપની પુત્રી આપનું એક માત્ર સંતાન હોય તો તે સિંગલ ગર્લ ચાઈલ્ડ ક્વોટા હેઠળ ડીગ્રી કોલેજમાં પ્રવેશ મેળવવા અરજી કરી શકે છે




૧૨ ધોરણના તમામ બોર્ડના પરિણામો બહાર આવી ગયા છે અને હવે વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ મુંબઈની વિવિધ કોલેજોમાં તેમના ઉચ્ચ અભ્યાસમાં પ્રવેશ માટે તૈયારી કરી રહ્યા છે.

કોલેજોમાં પ્રવેશ મેળવવાની પ્રક્રિયા મુજબ, પ્રવેશ મેળવવા માટેવિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓએ વેબસાઇટ https://muugadmission.samarth.edu.in દ્વારા મુંબઈ યુનિવર્સિટીમાં નોંધણી કરાવવાની હોય છે.

આપણે બધા જાણીએ છીએ કે મોટાભાગની કોલેજોમાં SC, ST, OBC વગેરે જેવી વિવિધ શ્રેણીઓ હેઠળ ૫૦% સુધી પ્રવેશ ક્વોટાની મર્યાદા હોય છે.

આપણામાંથી ઘણા ઓછા લોકો જાણે છે કે સરકારની બેટી બચાઓ, બેટી પઢાઓ યોજના હેઠળ સિંગલ ગર્લ ચાઈલ્ડ ક્વોટા નામનો બીજો ક્વોટા છે જેની અંતર્ગત કોઈપણ વિદ્યાર્થીની જે તેના માતા-પિતાની એક માત્ર પુત્રી સંતાન છે તે મુંબઈની પસંદગીની કોલેજોમાં તેમના ૧૨+ શૈક્ષણિક અભ્યાસક્રમો માટે આ ક્વોટા અંતર્ગત અરજી કરવાને પાત્ર છે.

આ સિંગલ ગર્લ ચાઈલ્ડ ક્વોટા માટે અરજી કરવાની પ્રક્રિયા ખૂબ જ સરળ છે. જેની પુત્રી એકમાત્ર સંતાન હોય એ માતા-પિતાએ રૂ. ૧૦૦/-ના સ્ટેમ્પ પેપર પર એક સરળ સોગંદનામું (એફિડેવિટ) કરવાની જરૂર છે અને તેને તેમના વિસ્તારના તહસીલદાર પાસે અધિકૃત કરાવવાની જરૂર છે. ઉદાહરણ તરીકે, મુલુંડની તહસીલદાર ઓફિસ મુલુંડ કોર્ટના પહેલા માળે, એમસીસીકોલેજ પાસે છે. તહસીલદાર એફિડેવિટ પર રેફરન્સ નંબર સાથે તેની સીલ અને સહી કરે છે અને તમારી પાસે સિંગલ ગર્લ ચાઈલ્ડ ક્વોટાનું પ્રમાણપત્ર તૈયાર છે. હવે તમે મુંબઈ યુનિવર્સિટીમાં નોંધણી કરતી વખતે આ પ્રમાણપત્ર અપલોડ કરી શકો છો અને આ ક્વોટા હેઠળ તમારી પુત્રીના પ્રવેશનો પ્રયાસ કરી શકો છો. આ કોઈપણ શુલ્ક વિના છે અને તમારે આ સોગંદનામું કરવા માટે કોઈ વકીલની પણ જરૂર નથી. ગુર્જરમાત તેના વાચકોની સગવડતા માટે એફિડેવિટનું ફોર્મેટ અહીં આપે છે જે નીચે પ્રમાણે છે:

SINGLE GIRL CHILDAFFIDAVIT

I,Mrs. (Name of mother) wife of (Name of father) aged (mother age) years, Indian Inhabitant occupation (write occupation here) Resident of : (address as per aadhar card) is mother of (name of daughter) D/O. (name of father) Date of Birth (child's date of birth) Submitting my undertaking to the University of Mumbai for admission in Degree College.

I hereby declare that Miss (name of daughter) D/O. (name of father) is the only girl child in my family (with no male/female sibling). I understand that it shall be my sole responsibility to inform you about any change in status of single girl child in the family immediately, if and when it occurs.

I am also aware that in case it is detected at any time that the affidavit sworn by me is false, appropriate action will be taken by the concerned authorities against me.

I state that above information is true, if the above information is found to be false I shall be liable for prosecution and punishment under I.P.C. Code Section 199, 200, 193 (2) as per Provision of Act.

Signature of father Signature of mother

Residential address(Address as per Aadhar card)

Contact number:

Solemnly affirmed at This day of (month) (Year)

BEFORE ME

Explained and Identified by me,

(માહિતી માટે મનોજ બોથરાનો આભાર)

# શ્રી જલારામ સત્સંગ મંડળ મુલુંડ દ્વારા શૈક્ષણિક સહાય માટેના ફોર્મ તા.૯ જૂન રવિવારના અપાશે

શ્રી જલારામ સત્સંગ મંડળ મુલુંડ દ્વારા દર વર્ષની જેમ અપાતી શૈક્ષણિક સહાય મેળવવા માટેના ફોર્મ તા.૯ જૂન રવિવારના સવારના ૯ વાગ્યાથી ફોર્મ હશે ત્યાં સુધી ફક્ત એક જ દિવસે અપાશે. જે મેળવવા ઈચ્છુક વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ નોંધ લેવી. શૈક્ષણિક સહાય પ્રત્યેક એક વિદ્યાર્થીને રૂા.૨ હજાર લેખે નાતજાતના ભેદભાવ વગર સ્કૂલના નામે ચેક અપાશે.

શૈક્ષણિક સહાય ઉપરાંત સંસ્થા દ્વારા ચાલતી સેવા પ્રવૃત્તિઓમાં સુપર સ્પેશિયલિટી ડેન્ટલ ક્લિનિક, ફિઝિયોથેરપી ડિપાર્ટમેન્ટ, અંતિમ સંસ્કાર કીટ, અનાજ સહાય, યોગ ડિપાર્ટમેન્ટ, હોમિયોપેથી ડિપાર્ટમેન્ટ, એલોપથિ ડિપાર્ટમેન્ટ, એક્યુપંક્ચર ડિપાર્ટમેન્ટ, હોસ્પિટલ સહાય, બાળકો માટે ફ્રી સંસ્કૃત વર્ગ, ઉનાળામાં છાસ વિતરણ કેન્દ્ર, નેચરોપેથી ડિપાર્ટમેન્ટ, સાઈકોલોજી ડિપાર્ટમેન્ટ, આયુષ્યમાન કાર્ડ, રેકી ઉપચાર પાંજરાપોળ સહાય અપાય છે.

મંદિરમાં ડોનેશન કે સહાય પ્રવૃત્તિઓ માટે સ્વૈચ્છિક યોગદાન ઓનલાઈન ફોન નં.૭૮૭૭૩૭૩૧૫૧૫ ઉપર આપી શકે છે. મંડળને આપેલ યોગદાન ઈન્કમ ટેક્સ એક્ટ ૮૦ જી અંતર્ગત કરમુક્ત છે. માનવ સેવામાં સહાયક બનવાનો લાભ લો અને લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવાનો પુણ્ય એકત્રિત કરો.

# સ્ટીવન્સ-જહોન્સન રોગના સહલક્ષણો (સિન્ડ્રોમ) અને કેરાટોપ્રોસ્થેસિસની ભૂમિકા

*સ્ટીવેન્સ-જહોનસન સિન્ડ્રોમ (SJS) એ એક જવલ્લે જ થતો છતાં ગંભીર રોગ છે જે ત્વચા અને મ્યુકોસ મેમ્બ્રેનને અસર કરે છે, જે ઘણીવાર દવા અથવા ચેપની પ્રતિકૂળ પ્રતિક્રિયા (આડઅસર)ને કારણે થાય છે છે. એસજેએસ શરૂઆતમાં ફ્લૂ જેવા લક્ષણો સાથે દેખાય છે, ત્યારબાદ પીડાદાયક લાલ અથવા જાંબુડિયા રંગની ફોલ્લીઓ ફેલાય છે અને તેમાંથી ફોલ્લાઓ થાય છે, જેના કારણે ત્વચાની ઉપરનું પડ મરી જાય છે અને ખરી જાય છે. જ્યારે એસજેએસ આંખોને અસર કરે છે, ત્યારે તે ગંભીર ગૂંચવણો (કોમ્પ્લિકેશન્સ)ઊભી કરી શકે છે, જેમાં કન્જંકટીવાઈસિસ, કોર્નિયલ અલ્સર અને અંધત્વ પણ સામેલ છે.*

*એસજેએસના સૌથી ગંભીર પરિણામો પૈકી એક છે આ રોગનું આંખમાં થવું,જે આંખના આગળના ભાગમાં આવેલા પારદર્શક પટલ (કોર્નિયા) ઉપર નોંધપાત્ર ડાઘ કરી શકે છે અને દ્રષ્ટિ પણ ગુમાવી શકે છે. એસજેએસ-સંબંધિત આંખના નુકસાનની પરંપરાગત સારવારમાં બળતરાને નિયંત્રિત કરવા અને વધુ નુકસાનને રોકવા માટે ઊંજણ (લ્યુબ્રિકન્ટ્સ), કોર્ટીકોસ્ટેરોઈડ્સ અને શરીરની ઈમ્યુનિટીને મર્યાદિત કરતી દવાઓ (ઇમ્યુનોસપ્રેસન્ટ્સ)નો ઉપયોગ સામેલ છે. જો કે, એવા કિસ્સામાં કે જ્યાં આ સારવાર અપૂરતી હોય અને કોર્નિયલ ડાઘ અંધત્વ તરફ દોરી જવાની શક્યતા હોય ત્યારે સર્જરી કરવી જરૂરી હોઈ શકે છે.*




*કેરાટોપ્રોસ્થેસીસ (કે-પ્રો) જે એક કૃત્રિમ કોર્નિયા છે તે એવા ગંભીર કોર્નિયલ નુકસાનવાળા દર્દીઓ માટે સારી દષ્ટિની આશા આપે છે જેમના માટે પરંપરાગત કોર્નિયલ ટ્રાન્સપ્લાન્ટ શક્ય નથી. બોસ્ટન કેરાટોપ્રોસ્થેસીસ એ સૌથી વધુ ઉપયોગમાં લેવાતો પ્રકાર છે, જે ક્ષતિગ્રસ્ત કોર્નિયાને બદલવા અને દ્રષ્ટિ પુનઃસ્થાપિત કરવા માટે બનાવવામાં આવ્યો છે. તે એક પારદર્શક પ્લાસ્ટિક લેન્સ છે જે દર્દીના કોર્નિયામાં દાખલ કરવામાં આવે છે અને પછી તેને તે સ્થાને ટાંકવામાં આવે છે.*

*આ સર્જરીમાં ઘણા પગલાં સામેલ છે. સૌ પ્રથમ ક્ષતિગ્રસ્ત કોર્નિયા દૂર કરવામાં આવે છે. ત્યાર પછી, કે-પ્રો ઉપકરણ, દર્દીના કોર્નિયામાં તૈયાર કરવામાં આવે છે અને તેનું કાળજીપૂર્વક પ્રત્યારોપણ કરવામાં આવે છે. શસ્ત્રક્રિયા પછીની સંભાળ નિર્ણાયક છે, જેમાં ચેપ લાગવા અથવા ઉપકરણ બહાર નીકળી આવવા જેવી ગૂંચવણોનું નિરીક્ષણ કરવા માટે એન્ટિબાયોટિક્સનો ઉપયોગ અને નિયમિત ફોલો-અપની જરૂર છે.*

*કે-પ્રોની શોધ એસજેએસ ધરાવતા દર્દી ઓ માટે ગેમ-ચેન્જર રહી છે. તે એવા દર્દીઓ માટે વિકલ્પ પૂરો પાડે છે જેમણે અન્ય તમામ સારવારો કરાવ્યા છતાં કંઈ પરિણામ આવ્યું નથી અને કાયમી અંધત્વનો સામનો કરી રહ્યા હોય છે. જો કે આ પ્રક્રિયામાં ચેપ લાગવાનું અને ગ્લુકોમા (ઝામર) થવા સહિતના જોખમો છે, પરતું દ્રષ્ટિનું પુનઃસ્થાપના અને જીવનની ગુણવત્તાના સંદર્ભમાં સંભવિત લાભો પણ નોંધપાત્ર છે.*

*નિષ્કર્ષમાં, સ્ટીવેન્સ-જહોનસન સિન્ડ્રોમ એ એક ભયંકર રોગ છે જે આંખને આંખની નોંધપાત્ર નુકસાન કરી શકે છે. કેરાટોપ્રોસ્થેસીસ અસરગ્રસ્ત લોકો માટે આશાનું કિરણ છે જે ઘણા દર્દીઓને તેમની દષ્ટિ પાછી મેળવવા અને તેમના જીવનની ગુણવત્તા સુધારવા માટે સક્ષમ બનાવે છે. મેડિકલ ટેક્નોલોજી અને સર્જિકલ તકનીકોમાં ચાલી રહેલી પ્રગતિ આ નોંધપાત્ર સર્જરીની સલામતી અને અસરકારકતામાં વધારો કરવાનું ચાલુ રાખે છે, જે એસજેએસના પરિણામ સાથે ઝઝૂમી રહેલા દર્દી ઓ માટે નવી આશા પ્રદાન કરે છે.*

# ક્રિસ્ટલ હૉલ





- ક્રિસ્ટલ હૉલને ક્રિસ્ટલ જેવો દેખાવ આપવા માટે ઉત્કૃષ્ટ ઈન્ટીરીયર અને ઊંચી છત ધરાવે છે.
- ફ્લોટિંગ ક્ષમતા ૧૨૫ લોકો (બેઠક ક્ષમતા ૭૦ લોકો) છે.
- ડાઈનિંગ એરિયા અલગ અને સમાન લેવલ પર છે, તેથી લોકોને સરળતાની આવવા જવાની સુવિધા મળે છે.
- હોલ સંપૂર્ણપણે વાતાનુકૂલિત છે જેમાં કિચનની જગ્યા અને ગૌતમ બુદ્ધની સુંદર મૂર્તિના દર્શન થાય છે.

**સેવાઓ (તમામ ચાર્જપાત્ર)**

- ખુરશીઓ
- સુયોજિત ટેબલ્સ સાથે રેડ કાર્પેટ
- કેટરિંગ માટે કિચનમાં જગ્યા
- હૉલમાં સોફા
- સાઉન્ડ સિસ્ટમ્સ
- એલઈડી લાઈટ
- સ્ટેજ

**સેવાઓ ઉપલબ્ધ**

- પ્રાઈમ લોકેશન
- ફુલ એર કંડિશનર હોલ
- પાર્કિંગ
- કિચન સ્પેસ
- સુંદર વાતાવરણ

## ગ્રાન્ડ સેન્ટ્રલ હૉલ

- ૨૨૫ લોકો માટે ફ્લોટિંગ ક્ષમતા (બેઠક ક્ષમતા ૧૩૦ લોકો) છે
- મોટા કાર્યક્રમો, દાંડિયા, બુફે અને અન્ય કાર્યક્રમો માટે યોગ્ય છે.

**ગેસ્ટ રિક્વેસ્ટ પર વેલેટ પાર્કિંગ ઉપલબ્ધ છે**

**Office : 8452037666**

# એફઓએફ હોટલ




**Our Menu**

FOF Oriental Kitchen
Saatvik Food Hub
Tandoor House





**FOF Cuisine**

Food & Drink

SWIGGY



zomato

F-29, Runwal Galleria, Runwal Greens, Mumbai, Maharashtra

**To Order - 955 955 6797** fofcuisine.petpooja.com

## શ્રી મુલુંડ કવિઓ સમાજની સાંસ્કૃતિક સમિતિ દ્વારા નેલ આર્ટ વર્કશોપ

શ્રી મુલુંડ કવિઓ સમાજ સાંસ્કૃતિક સમિતિ રજૂ કરે છે જીનલ સંગોઈ દ્વારા 'નેલ આર્ટ વર્કશોપ' હાથની શોભા વધે સુંદર નખથી અને જો નખની શોભા વધારવી હોય તો એ થાય 'નેલ આર્ટ'થી જે માટે લઈ આવ્યા છીએ. 'નેલ આર્ટ વર્કશોપ' જેમાં આપ શીખી શકશો. Temporary Extension, Soft Gel Extension, Basic Nail Art, Types of Nails, Shapes, Product knowledge, Removal Theory, Gel Polish Application & Nail Anatomy, પ્રેક્ટીસ માટે મટિરિયલ આપવામાં આવશે.

તા.૧૦ જૂનથી ૧૪ જૂન ૨૦૨૪ બપોરના ૨ થી ૫ મુલુંડ ક.વિ.ઓ. સમાજ ઓફીસ, જાનકી નિવાસ, ૧લે માળે, જૂની પ્રગતિ હોસ્પિટલ, ગણેશ ગાવડે રોડ, મુલુંડ વેસ્ટ.

ફી કે.વી.ઓ. માટે રૂ.૪૦૦૦/-, નોન કે.વી.ઓ. માટે રૂ.૪૨૦૦/- જીપે નંબર ૮૪૨૫૯૩૨૨૪૨. સંપર્ક : ટિંવકલ વોરા-૯૦૮૨૧૦૪૯૭૧, દિપ્તી કારાણી-૯૯૨૦૫૯૦૯૦૬

## લોંગ નોટબુકસનું રાહતના દરે આનંદ ક્લાસીસમાં વિતરણ કરાશે

સ્વ.જયશ્રીબેન જીતેન્દ્ર ગણાત્રા (રૂદ્રાક્ષ લોજિસ્ટિક પ્રા. લિ., રાયડર મુવર એક્ઝીમ) ની તૃતીય પુણ્યતિથિ અને સ્વ. કુસુમબેન લાલજી સર કતીરાની દ્વિતીય પુણ્યતિથિની સ્મૃતિમાં રાહતના દરે લોંગ નોટબુક્સનું વિતરણ કરવામાં આવશે. ૧૭૬ પાનાની લોંગ નોટબુકના દર રૂપિયા ૨૮૦ રહેશે, જ્યારે અડધા ડઝનના રૂપિયા ૧૪૦ રહેશે. આ જમા રાશિ આનંદ ક્લાસીસ રાશન વિતરણમાં આપવામાં આવશે. નોટબુક વિતરણ તા. ૩ જુલાઈના રોજ આનંદ ક્લાસીસમાં કરવામાં આવશે. સમયની જાણકારી પાછળથી આપવામાં આવશે. આ માટે પૂર્ણ રકમ ભરીને એડવાન્સ બુકિંગ ૧૫ જૂનથી આનંદ ક્લાસીસ, ૧૮, ગાયત્રી બિલ્ડીંગ એન એસ રોડ, પોલીસ સ્ટેશન સામે, મુલુંડ પશ્ચિમમાં સાંજે ૬ થી ૭ દરમિયાન કરવામાં આવશે. મર્યાદિત સ્ટોક હોવાથી 'વહેલો તે પહેલો' ના ધોરણે બુકિંગ કરવામાં આવશે. સંપર્ક લાલજી સર ૯૮૯૨૦૦૬૬૨૮.

### હરીશ ખોંભડીયા પ્રસ્તુત
### ઈર્શાદ ગઝલ કોર્નર...
### પણ આવો તો ખરા

કહું છું ક્યાં કે આઘેરા કોઈ રસ્તા સુધી આવો,
ઉઘાડો બારણું ને આંગણે તડકા સુધી આવો
જમાનો એને મૂર્છા કે મરણ માને ભલે માને,
હું બન્ને આંખ મીંચી દઉં તમે સપના સુધી આવો
તમારા નામના સાગરમાં ડૂબી તળિયે જઈ બેઠો,
હું પરપોટો બની ઊપસું તમે કાંઠા સુધી આવો
જરૂરી લાગશે તો તે પછી ચર્ચાય માંડીશું,
હું કાશી ઘાટ પર આવું તમે કાબા સુધી આવો
હું છેલ્લી વાર ખોબામાં ભરી લેવા કરું કોશિશ,
અરે ઓ મૃગજળો આવો હવે તરસ્યા સુધી આવો
ગમે ત્યારે ગઝલ જીવનની પૂરી થઈ જશે આદિલ,
રદીફ ને કાફિયા ઓળંગીને મક્તા સુધી આવો



'આદિલ' મન્સૂરી
સંકલન :હરીશ ખોંભડીયા

## જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડ દ્વારા ગોવા ટુર

જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડ આયોજીત ગોવા ટુરમાં ઘણાં જ સભ્યોની ડિમાન્ડ હોવાથી તા.૫ જૂન સુધી ગોવાનું લાસ્ટ બુકિંગ રાખેલ છે. તો તુરંત ઓફિસ બેરરનો સંપર્ક કરવા વિનંતી. ગોવા ટુર તા. ૧ જુલાઈ થી ૪ જુલાઈના ત્રણ રાત્રિ-ચાર દિવસની હોટલ એર્લિયન બીચ રિસોર્ટ્સ મોજીર્મ ખાતે રાખેલ છે. જેએસજી મુલુંડ ગ્રુપમાં સ્ટોલ અને બાલ્કનીની ફિક્સ સીટ આપવામાં આવે છે. આ વખતે બાલ્કનીમાં ફક્ત રૂ.3000 રાખેલ છે જે સભ્યોને હજુ પણ મેમ્બર્સ બનવું હોય તેઓએ સંપર્ક કરવા વિનંતી. જયંતિલાલ મૈશેરી (પ્રમુખ)-૯૧ ૯૮૧૯૭ ૪૮૨૫૦, દિલિપભાઈ શેઠ-૯૧ ૯૮૨૦૬ ૯૬૮૯૮, ડિમ્પલબેન કોરડિઆ (માનદ મંત્રી)

## વિદ્યાર્થીઓને અભિનંદન



નિયતિ ઠક્કર
૮૮.૮૦%



દીશા કાપડીયા
૮૬.૪%







# રોટરી દ્વારા મોતિયા મુક્ત ભાંડુપ પ્રોજેક્ટનું આયોજન

રોટરી ક્લબ ઓફ મુંબઈ ભાંડુપ એ ઓગસ્ટ ૨૦૨૨ માં મોતિયા મુક્ત ભાંડુપ પ્રોજેક્ટ શરૂ કર્યો. ત્યારથી, છેલ્લા ૨૩ મહિનાથી, દર મહિનાના પ્રથમ શનિવારે મોતિયાની તપાસ અને શસ્ત્રક્રિયા કેમ્પ યોજવામાં આવે છે. આ પહેલ ભક્તિવેદાંત હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર, મીરા રોડ અને બિલાવરા એસોસિએશન, ભાંડુપના સહયોગથી શરૂ કરવામાં આવી છે. શરૂઆતમાં તેનું આયોજન ભાંડુપમાં બિલાવારા એસોસિએશનના પરિસરમાં કરવામાં આવતું હતું. હવે તેને દત્ત મંદિર, હોટેલ ગોપાલાશ્રમ પાસે, વાગલે એસ્ટેટ, થાણે ખાતે કરવામાં આવી રહ્યું છે. ભક્તિવેદાંત હોસ્પિટલ ખાતે ડોકટરો/કર્મચારીઓ દ્વારા લાભાર્થીઓને મોબાઈલ વાનમાં તપાસ કરવામાં આવે છે. મોતિયાની શસ્ત્રક્રિયાની સલાહ આપવામાં આવે છે. તેને ભક્તિવેદાંત હોસ્પિટલથી તેના વાહનમાં મીરા રોડ ખાતેની હોસ્પિટલમાં લઈ જવામાં આવે છે, તેનું ઓપરેશન કરવામાં આવે છે અને બે દિવસ પછી તેને પરત લાવવામાં આવે છે. રોટરી ક્લબની આ પહેલની સફળતાની ઉજવણી કરવા માટે, ૧લી જૂન ૨૦૨૪ના રોજ થાણેના હોટેલ ગોપાલાશ્રમ પાસે, દત્ત મંદિર ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નિયમિત શિબિરની સાથે તેનું આયોજન કરવામાં આવ્યું હતું.

રોટરી ક્લબ ઓફ મુંબઈ ભાંડુપ કાર્યક્રમના આયોજક હતા.



મુખ્ય મહેમાન, અન્ય મહેમાનો, રોટરીયન અને ઉપસ્થિત લાભાર્થીઓનું સ્વાગત કર્યું અને શ્રોતાઓને કાર્યક્રમનો હેતુ સમજાવ્યો. મહેમાનોનું શાલ અને શ્રીફળ આપી સન્માન કરવામાં આવ્યું હતું. પીપી નટરાજને મુખ્ય મહેમાનોનો પરિચય કરાવ્યો હતો. મુખ્ય અતિથિ એજીસી વર્લ્ડના સીએસઆર અને સસ્ટેનેબિલીટી હેડ સુનિલ કુમારે રોટરી ક્લબ ઓફ મુંબઈ ભાંડુપના સભ્યોની નિઃસ્વાર્થ સેવા બદલ પ્રશંસા કરી હતી. તેણે કહ્યું કે તે અમારી ક્લબ સાથે જોડાઈને ખૂબ જ ખુશ છે અને અમને ગમે તે રીતે મદદ કરવામાં ખુશી થશે. આ પ્રસંગે વિજય જાદવે પણ વક્તવ્ય આપ્યું હતું અને આ ઉત્કૃષ્ટ પ્રોજેક્ટ માટે રોટરી ક્લબની પ્રશંસા કરી હતી.

ભૂતપૂર્વ પ્રમુખ ઉદય શેટ્ટીએ ગયા વર્ષે આ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો જ્યારે તેઓ ક્લબના પ્રમુખ હતા અને આ પહેલ હજુ પણ ચાલુ છે અને તેમણે અન્ય સભ્યોની મદદથી આ પ્રોજેક્ટને સફળતાપૂર્વક સંભાળ્યો છે, IPP ઉદય શેટ્ટીએ તેમના ભાષણમાં રોટરી શું છે? અને તે શું કરે છે તે વિષે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટની સફળતા ફક્ત ક્લબના સભ્યોના પ્રયત્નોને કારણે નથી, પરંતુ ભક્તિવેદાંત હોસ્પિટલ અને સંશોધન સંસ્થા સહિત અન્ય ઘણા લોકો આ માટે જવાબદાર છે. કાર્યક્રમમાં બિલ્લાવર એસોસિએશન, ભાંડુપ; થાણે ટ્રક ઓનર્સ એસોસિએશનના પ્રેસિડેન્ટ અને દત્ત મંદિરના ટ્રસ્ટી વિજય જાધવ અને ફ્રનેસ્ટ બેન્કવેન્ટ હોલના તથા હોટલ ગોપાલશ્રમના માલિક રાઘવ શેટ્ટી. રોટરી ક્લબ ઓફ મુંબઈ ભાંડુપ તરફથી પ્રેસિડેન્ટ જેનિફર આઈઝેક, આઈપીપી ઉદય શેટ્ટી, પીપી ટી. આર. નટરાજન, પીપી નારાયણ શગરિથયા, પીપી વિનોદ કુમાર અગ્રવાલ, પીપી રાજીવ શાહ, પીપી સીઆર રામકૃષ્ણન, પ્રેસિડેન્ટ ઈલેક્ટ આશા નારંગ, સેક્રેટરી ઈલેક્ટ ડો. સુજાતા આર. અજેશ શેટ્ટી, રોટેરિયન વંજા શેટ્ટી, રોટેરિયન સ્વાતિ જોષી અને પીપી લતા ઝા હાજર રહ્યા હતા. તેમજ રોટરી ક્લબ ઓફ મુલુંડના પ્રમુખ હિતેશ ગણાત્રાએ પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ''મોતીબિંદુ મુક્ત ભાંડુપ''ના ભાગરૂપે દર મહિનાના પ્રથમ શનિવારે દત્ત મંદિર, વાગલે એસ્ટેટ થાણા ખાતે મોતિયાની તપાસ અને આંખની તપાસ શિબિરનું આયોજન કરવામાં આવે છે. તે ઓગસ્ટ ૨૦૨૨ થી નિયમિતપણે ચાલી રહ્યું છે.દર્દીઓ માટે આંખની તપાસણી, સર્જરી, હોસ્પિટલમાં રોકાણ અને પરિવહન સહિતની દરેક વસ્તુ મફત છે અને લાભાર્થીઓ માટે કોઈ ખર્ચ નથી. રોટરી ક્લબના ૨૩ કેમ્પમાં અત્યાર સુધીમાં લગભગ ૧૫૦૦ લોકોની તપાસ કરવામાં આવી છે અને ૬૫૦ થી વધુ સર્જરી કરવામાં આવી છે. આ ઉપરાંત ૧૦૦ જેટલા લોકોને મફત ચશ્મા આપવામાં આવ્યા છે.


Club ID # 131028-026139 | Dist. 3231-A2 | Region V | Zone I | L. Y. 2024-2025

**LIONS CLUB OF MULUND**

Chartered as : LIONS CLUB OF BOMBAY MULUND. Chartered on : 15-3-1964

Lions Club of Mulund Charity Fund | Regn E-3811 (BOM)

જૈન જીવદયા અને શ્રદ્ધા ગૌશાળા પાંજરાપોળના સહયોગથી (લોનાવાલા) કુશગામ, સિંહગઢ કોલેજની સામે, નવી ૮૦ ગાયો માટે ગૌશાળા બનાવવાની શરૂઆત થઇ ચૂકી છે.

તેની બાજુમાં એનિમલ હોસ્પિટલ (વેટરનરી) લાયન્સ ક્લબ ઓફ મુલુંડ દ્વારા બનાવવા જઇ રહી છે. જેમાં અબોલ પશુઓનો ઇલાજ કરવામાં આવશે. તો આ જીવદયાના કાર્યમાં આપનો અમૂલ્ય ફાળો લખાવીને અબોલ પશુઓની સેવા કરી એને સાજા કરવાનો બહુમૂલ્ય લાભ આપને મળશે. તો આપ આપનો યથાશક્તિ ફાળો આપી અમારા આ કાર્યમાં સહયોગી બનો એવી નમ્ર વિનંતી. આનો અંદાજિત ખર્ચ રૂ. ૨૫ લાખ જેટલો છે. જીવદયાના આ ભગીરથ કાર્યમાં આપ જરૂરથી શક્ય એટલો સાથ આપશો. એવી નમ્ર અપીલ.

સંસ્થાને આપેલ દાન ઇન્કમટેક્સની કલમ મુજબ ૮૦જી હેઠળ કરમુક્ત છે.

સંસ્થાને આપ CSR હેઠળ પણ દાન આપી શકશો.

**Pan No.**: AAATL0349M
**Account Name** : Lions Club of Mulund. (FRD Collection)
**Bank Name** : Union Bank of India
**Account No.**: 31850 20100 43133 (Savings Account)
**Branch Name** : Mulund (West) I **IFSC Code** : UBIN0531855

**લાયન ભરત કાંતિલાલ છેડા (ભુજપુર - મુલુંડ)**
**પ્રેસિડેન્ટ - 2024/2025**
**+91 93239 53249**





**Mulund (East)**

Mulund (East) **Discounted Health Checkup**

**BLOOD TEST PACKAGE** AT Rs.1990/- only

**INDIVIDUAL DISCOUNTED RATE**

| Test | Rate | Discount Rate | Test | Rate | Discount Rate |
|---|---|---|---|---|---|
| CBC | ~~Rs.300~~ | Rs.170 | VIT. D3 | ~~Rs.1650~~ | Rs.790 |
| T3, T4, TSH | ~~Rs.550~~ | Rs.390 | HbA1c | ~~Rs.590~~ | Rs.390 |
| VIT. B12 | ~~Rs.1150~~ | Rs.690 | BL.SUGAR | ~~Rs.70~~ | Rs.50 |

**TEST**

- CBC
- VIT. D3
- Fasting Bl. Sugar
- T3, T4, TSH
- HbA1c
- S. Creatinine
- VIT. B12
- LIPID PROFILE
- S.G.P.T.

NEAR RLY. STATION @**Dr.JAYANT MANDOT Pathology Lab** SINCE 1963

Address: 102, Jai Laxminarayan Bldg., Opp.Prashant Hotel, L.T.Road, Mulund (East)

Home Visit Available in Mulund

Note : Special Discount on other Blood Test Also

Contact : 022-2163 7380, 87792 00271


# મારા ડાયરીના થોડા પાનાં : સન ૨૦૧૪ ગોપાલ ગાંધીનો એક પત્ર નરેન્દ્ર મોદી પર

સન ૨૦૧૪ના માનનીય નરેન્દ્રભાઈ મોદી દિલ્હીની ગાદી પર બેઠા ત્યારે ગોપાલ ગાંધી એક પત્ર લખેલો. ગોપાલ ગાંધી મદ્રાસનો શ્રીમાન ચક્રવતી રાજગોપાલચારી (રાજાજી)ના દીકરીના પુત્ર છે. મારા હાર્દિક અભિનંદન હું ખરેખર ઈમાનદારીથી કહેવા ઈચ્છુકે આ રીતે અભિનંદન આપવા મારા માટે સરળ નથી. કારણ કે હું એવી વ્યક્તિઓ પૈકીની એક છું કે તમે જે ઉચ્ચ સ્થાને પહોંચ્યા છો તે સ્થાન તમને જોવો ઈચ્છતો ન હતો. તમે બહુ સારી રીતે જાણો છો કે કરોડો લોકો તમને વડાપ્રધાન જોઈને ખુશ થશે. પરંતુ એ પણ હકીકત છે કે કેટલાક લોકો આ જોઈને ડિસ્ટર્બ થાય છે.

હમણાં સુધી હું એ વાત માનતો કે તમે ત્યાં સુધી પહોંચી શકશો પરંતુ તમને ત્યાં જોવા ઈચ્છતા નહતાં. એ પણ સ્વિકારવું પડશે કે અત્યારે તમે એ જગ્યાએ પહોંચી ગયાં છો કે જયાં જવાહરલાલ નહેરૂ બેસતાં હતાં. લાલ બહાદુર શાસ્ત્રી કામ કરતાં હતાં. ઈન્દીરા ગાંધીની કટોકટી સામે સંઘર્ષ કરીને એક ગુજરાતી મોરારજી દેસાઈ ત્યાં પહોંચયા હતાં અને તમારા રાજકીય મેન્ટર અટલ બિહારીએ પણ ત્યાં કામ કરયું હતું. મારી તમારા પ્રત્યેની તમામ માન્યતાઓ છતાં. તમે એક વંચિત સમુદાય અને પરિવારમાંથી આવતા હોવા છતાં આટલી ઝડપે ભારત વડા પ્રધાન બનવાના તમારા દુર્લભ ગુણને સન્માન આપું છું. આશા રાખું છું કે હવે તમે સર્વાત્કૃષ્ટ બંધારણને પૂરી ક્ષમતાથી અનુસરશો.

દેશ ભ્રમણની સલાહ જ્યારે કોઈ તમારા પર 'ચાયવાલા' કહીને કટાક્ષ કર્યા. ત્યારે મને દુઃખ થયું હતું. ત્યારે જ થયું કે આ બાબત તો ખરેખર અદ્દભૂત છે કે ચા વેચનારો ભારતને ચલાવવા માટે સક્ષમ બની શક્યો છે. કોઈકના ચમચા બનવા કરતાં તો પ્યાલા સાફ કરનાર બનવું વધારે સારું છે. પરંતુ મિસ્ટર મોદી, હું કહેવા માગું છું કે હું દેશભરમાં ફરવા માંગું છું અને જાણવા માંગું છે કે શા માટે તમે ભારતમાં ઉચ્ચ સ્થાને બિરાજો તેનાથી લોકો પરેશાન છે. અન્ય કોઈ કરતા તમે વધુ સારી રીતે જાણો છો કે ૨૦૧૪ ચૂંટણીમાં વોટર્સ મોદીને કે વિરુધ્ધમાં મતો આપ્યા છે. મતદારોના મગજમાં એક જ ખ્યાલ હતો કે નરેન્દ્ર મોદી દેશના સારા રક્ષક બની શકશે કે નહીં.

ભાજપે મોટી જીત મેળવી છે કારણ કે દેશના ૩૧ ટકા મતદાતાઓ જેણે તમને મતો આપ્યા છે. એ દેશના રક્ષક તરીકે તમારી પર પસંદગી ઉતારી છે. હકીકત તો એ છે કે તેઓ તમને તારણહાર માની રહ્યા છે. પરંતુ એ વાત પણ ભૂલવી ન જોઈએ કે ૬૯ ટકા મતદારો તમને દેશના રખવાલા તરીકે પસંદ નથી કરતાં તે તમને એ પદ પર જોવા ઈચ્છતા નથી. જો કે આ તો દેશનું બંધારણ છે કે જેના કારણે તમે વડાપ્રધાનની ઓફિસમાં પ્રવેશશો ત્યારે હું તમને ફરી દેશભ્રમણની સલાહ આપું છું. લઘુમતીઓને આશ્વાસન સ્થિરતા અને એકતાને મામલે તમારી સરખામણી વલ્લભાઈ પટેલ સાથે થવા લાગી છે. ત્યારે આશા રાખું છું કે તમે જાણતા જ હશો કે બંધારણ સભાની લઘુમતી સમિતિના ચેરમેન સરદાર પટેલ હતાં. બંધારણમાં લઘુમતીઓને જે શિક્ષણ, ધાર્મિક અને સાંસ્કૃતિ અધિકારો મળેલા છે. તે માટે કમિટિના અન્ય સભ્ય રાજકુમારી અમૃત કૌર, જે કપુરથલાના શીખ પરિવારની ખ્રિસ્તી માતાના પુત્રી હતાં. તેમણે આભાર માન્યો હતો. તમારે પણ તે કમિટિના ચેરમેન તરીકે સરદાર પટેલે જે અદમ્ય કામગીરી કરી હતી તે અંગે વાંચવું જોઈએ.




શા માટે આટલો બધો ડર, શા માટે કોઈ પોતાનો અવાજ ઊંચો કરતાં ડરે છે? જ્યારે તમે રેલીઓને સંબોધો છો, ત્યારે લોકો તમને લોકશાહી ભારતના નાગરિકોને સાથે લઈને ચાલતી વ્યક્તિ તરીકે સાંભળવા ઈચ્છે કે નહીં કે એક સમ્રાટ હુકમો ફરમાવતા હોય. લઘુમતીઓને આશ્વાસન આપો. મિસ્ટર મોદી ડેવલપમેન્ટ એ સુરક્ષાનું સ્થાન ન લઈ શકે. તમે કહ્યું હતું કે એક હાથમાં કુરાન અને બીજા હાથમાં લેપટોપ, પરંતુ આ શબ્દો ખરેખર તેમને આશ્વાસન કરી શકતા નથી. કારણ કે તેનાથી બિલકુલ અલગ ચિત્ર તેમને ડરાવે છે કે જેમાં હાથમાં હિંદુત્વને ધારણ કરીને હિંદુ ધર્મગ્રંથોની ડીવીડી હોય છે અને બીજા હાથમાં લઘુમતીઓ વિરુધ્ધ ત્રિશુલ હોય છે.

જૂના સમયમાં નિશાળમાં હેડમાસ્ટર ક્લાસરૂમમાં એક ખૂણામાં મીઠું ભરેલ વાસણ રાખતા હતાં જે જોઈને મનમાં ડર રહેતો કે તે જખમ સમાન મુઝફ્ફર નગરના રમખાણોની યાદ તાજી છે. જેમાં ૪૨ મુસ્લિમ અને ૨૦ હિંદુઓના મોત નિપજ્યાં હતાં. જે દ્વારા જ કરોડો લોકો દિવસ ડર અને રાતના અંધારામાં આંતકમાં 'સાવધાન' તમારા પણ આવા હાલ થઈ શકે છે ની ગર્ભિત ધમકી સાથે લોકશાહી દેશમાં ડરી રહ્યા છે. મિસ્ટર મોદી એ ડરને દૂર કરવો તમારા હાથમાં છે. તેના માટે તમને હક મળેલો છે અને તમારું કર્તવ્ય છે. તેના માટે તમારી પાસે ઓથોરિટી અને પાવર બન્ને છે. ત્યારે મને લાગે કે મારા નાનકડા મગજમાંથી નીકળેલી આ સલાહને માનીને તમે લઘુમતીઓને આ ડરને દૂર કરશો.

ભારતમાં તમામ લઘુમતીઓમાં માત્ર મુસ્લિમોને જ સહન કરવું પડ્યું તેવું નથી. પ્રશ્ચિમ પંજાબમાં શીખો અને હિંદુ એવા કાશ્મીરી પંડિતોને પણ ધાવ સહન કરવા પડયા છે. રમખાણો ફાટી નીકળ્યાની વાતો સાથે લોકોમાં ભય ફેલાઈ જાય છે અને તેના વળતા પ્રહાર રૂપે આક્રમક સ્વરૂપે બીજુ જૂથ તેના પ્રત્યાઘાત આપે છે. જેમાં મોટા ભાગે મહિલાઓ ભયંકર શોષણ થાય છે. અને અમાનવીય વર્તન થાય છે. સતત અનાદર, ભેદભાવ અને ઉત્પીડનના કારણે તેમનું મનોબળ ભાંગીને ભુક્કો થઈ જાય છે. તમે તેને ખાતરી આપીને તેમના મનોબળમાં વધારો કરો.

વિવિધતાવાળા લોકશાહી દેશમાં કોઈને સમ્રાટની જેમ ભાષા વાપરવાનો કોઈ હક્ક નથી. અહીં તો વિવિધતામાં એકતા રહેલી છે. ભારત તો વિવિધતાઓથી ભરેલા જંગલ સમાન છે. જે સાંસ્કૃતિક વૈવિધ્યને રાજનૈતિક એકશ્વરદનો રંગ આપીને નહીં. પરંતુ પોતાની વિવિધતાઓનું પોષણ કરીને મહાન બનવા ઈચ્છે છે. તમે એ સ્પષ્ટ કરી કે બંધારણના આર્ટિકલ ૩૭૦ મુદ્દે તમારું સ્ટેન્ડ શું છે? સમાન સિવિલ કોડ મામલે તમારી શું માન્યતા છે અને રામમંદિર અયોધ્યા અંગે તમે શું વિચારો છે?

મિડીયા રિપોટર્સ અનુસાર ઉત્તર અને ઉત્તર પ્રશ્ચિમના હિંદુ રેફ્યુજી અને ઉત્તર પૂર્વના મુસ્લિમ રેફ્યુજીનું તમારું નિવેદન લોકોમાં ડર પેદા કરે છે. નહીં કે વિશ્વાસ. મિસ્ટર મોદી લોકશાહી ભારતમાં આ તમારી વિશેષતા ન હોઈ શકે કારણ કે તમે લોકશાહી દેશના વડાપ્રધાન તરીકે દેશનું ગૌરવ છો. ભારતમાં લઘુમતીઓ તેનો એક ભાગ નથી, પરંતુ મુખ્ય ધારા સાથે ભળેલો પ્રવાહ છે. કોઈ દોરી બાંધીને રાખ કરી શકે. પરંતુ તેના વખતે દૂર કરી શકતા નથી. મિસ્ટર મોદી ચોક્કસ ભારત માતા કી જય.

મિસ્ટર મોદી, આ તમારા માટે ઐતિહાસિક જીત છે. જેના માટે તમને ફરી એકવાર અભિનંદન. તેને તમે ઐતિહાસિક ઈનિંગ્સ તરીકે આગળ ધપાવો તેવી શુભકામના. દુનિયાને તમે દંગ કરો તે રીતે શાસન કરો અને માત્ર સપોટર્સ નહી પણ બીજા ઘણા લોકો પણ તમને કુશળ શાસક તરીકે જોવા માગે છે. તમે કુશાગ્ર બુધ્ધિ ધરાવો છો. જેથી આશા રાખુ છું કે એક જૂની પેઢીની વ્યક્તિ દ્વારા અપાયેલી વણ માંગી અને ન ગમતી સલાહને સાંભળશો. તમારા સ્પોટર્સનું તમે અભિવાદન કરજો પરંતુ તેની સાથે સાથે જે લોકોએ તમને સપોર્ટ નથી આપ્યો. તેના વિશ્વાસને પણ જાળવી રાખજો.

જ્યારે તમે લઘુમતી કમિશનની ફરી નિમણુંક કરશો ત્યારે વિપક્ષી પાસે નામો મંગાવજો અને તે નામનો ફેરફાર કર્યા વિના સ્વીકારજો. તે અનુસુચિત જાતિ અને જનજાતિ તેમજ ભાષાકીય લઘુમતીની પેનલ્સની નિમણુંક માટે પણ તે જ રીતને અનુસરજો. નવા ચીફ ઈન્ફમેશન કમિશનર આગામી લૉ કમિટીના ઓપનિયનને ખેલદિલથી લેજો તમે ખૂબ મજબુત છો અને તમને જોખમ ઉઠાવવા માટે પરવડે તેમ છે. દક્ષિણ તરફથી સંબોધન મિસ્ટર મોદી, ભારતની વસ્તીમાં સાઉથનો એક વર્ગ પણ છે. હિંદી બેલ્ટમાં તમારી મજબૂત જીતને નોર્થ સાઉથમાં વિભાજત ન કરવી. પ્લીઝ ડેપ્યુટી વડાપ્રધાન તરીકે સાઉથમાંથી કોઈની પસંદગી કરશો.

જે માત્ર રાજકારણી, ઈકોનોમિસ્ટ અને ડેમાં ગ્રાફર હોય. નહેરૂ પોતાના મંત્રી મંડળમાં સન્મુખચેટી, જોન મથાઈ, સી.ડી.દેશમુખ અને એલ.રાવને સ્થાન આપ્યું હતું. તે કોંગ્રેસ મેન કે રાજકારણી ન હતા. ઈન્દીરા ગાંધી સાથે એસ.ચંદ્રશેખર, વી.કેવીઆર રાવ હતા. હું એ નથી સમજી શકતો કે શા માટે યુ.પી.એ.સરકારે પ્રોફેસર એચ.એસ.સ્વામિનાથન અને શ્યામ બેનગેલ પર મંત્રી તરીકે પસંદગી ન ઉતારી તે બન્ને રાજ્યસભાના સભ્યો છે. આપણી પાસે પ્રોફસર નુરુલ હસનનું ઉમદા ઉદાહરણ છે. જે રાજ્યસભાના સભ્ય તરીકે શિક્ષણમંત્રી પદ પર પહોંચ્યા હતા અને તેમણે ઉત્તમ કામગીરી કરી હતી. સમ્રાટ અને વૈચારિક ધારાઓ તમે પ્રભાવિત છો.

તમારામાં મહારાણા પ્રતાપના સંઘર્ષની તાકાત છે. તો અકબર તરીકેની શાસકીય કુશળતા છે. જો તમને સાવરકર પ્રત્યે આધાર હોય તો તેને તમારા હૃદયમાં ચોક્કસ રાખો. પરંતુ માનસિક રીતે આંબેડકર બનજો. તમારા આર.એસ.એસ.ટ્રેઈન્ડ હિન્દુત્વના ડી.એન.એ હોય તો તેના બનીને રહેજો પરંતુ તેની સાથે સાથે ૬૯ ટકા લોકોએ તમને મત નથી આપ્યા તેના માટે વઝીર.એ.આઝમ ભારત બનીને પણ રહેજો. જ્યારે તમે દેશના સર્વોચ્ચ સ્થાને બિરાજ્યા જઈ રહ્યાં છો. ત્યારે તમને મારા વતીથી ખૂબ ખૂબ શુભકામના.

**- તમારો મિત્ર ગોપાલ કૃષ્ણ ગાંધી**



આ લેખ (ગોપાલ કૃષ્ણ ગાંધી) ૨૦૧૪ માનનીય નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનયા પછીથી લખે છે. ૨૦૧૪ થી ૨૦૨૪ શ્રીમાન નરેન્દ્ર મોદી ૧૦ વરસે સરકાર છે. ગોપાલ કૃષ્ણ ગાંધીના મનમાં જે ડર હતો. તેમાંથી કાશ્મીર ૩૭૦ કલમ અને રામમંદિર મુદ્દો બહુ જ શાંતી સમજણથી પાર પડેલ છે. ઉત્તર પ્રદેશ, આંતકવાદીઓ અને મવાલી, ગુંડાઓની દાદાગીરી એ પણ સમાપ્ત થઈ ગઈ. બહુ જ મોટો પ્રશ્નો દક્ષિણ રાજ્યો, નોર્થ ઈસ્ટના રાજ્યો અને અલ્પસંખ્યા કોમ બંધારણ પ્રમાણે સમજણ અને ડહાપણથી આ પ્રશ્ન ઉકેલ આવી ગયો. ત્યારે તમારા મતની કિંમત સમજાય છે.

# ‘મનના ભાવોની શુદ્ધિ એ અહિંસાની ગંગોત્રી છે’



**સંગિની સૌરભ**
**સંકલન - હિના પારેખ**
**મો.૯૯૬૭૪૫૯૫૧૫**
- બીના કીર્તિ શાહ



હાલ સોશિયલ મીડિયા પર જોયું અને ન્યુઝ પેપરમાં વાચ્યું કે રસ્તા પર ઘર સામે.બેઠેલા કૂતરાઓ ને લાકડી થી ક્રૂરતા પૂર્વક માર માર્યો, એવું પણ જોઈએ ને સાંભળવામાં આવે.છે કે પોતાના પાળીતા જાનવરો ને પણ લોકો અસહ્ય ત્રાસ આપે છે , શા માટે આ ક્રૂરતા ?.એ નિર્દોષ.જીવ શું બગડે.છે.આપણું ? પ્લીઝ એને જીવવા દઈએ ,હિંસા થીજ હૈયું ભરેલું રહેશે તો મન ના.ભાવો ની શુદ્ધિ શકય બનવાની જ નથી!!

આચાર્ય હરિભદ્રસૂરિએ કહ્યું છે કે આત્માની શુદ્ધ પરિણતિ તે જ અહિંસા. ક્રોધ, માયા, માન, લોભ તથા રાગ અને દ્વેષ જેવા મનના ભાવો અશુભ છે. તેમાંથી જ હિંસા જન્મે છે. તેથી રાગ દ્વેષ વગેરેથી જાગૃતિપૂર્વક દૂર રહેવું. અને એ શાસ્ત્રોક્ત છે.....

**यदि संकल्पतो हिंसा-मन्यस्योपरि चिंतयेत् ।**
**तत्पापेन निजात्मा हि, दुंखावनौ च पात्यते ।।**

જો કોઇ પ્રાણી મનના સંકલ્પથી પણ બીજાની કોઇ પણ રીતે હિંસા કરવાનું કે પીડા આપવાનું ચિંતવન કરે, તો તે પોતાના આત્માને જ દુ:ખમાં પાડે છે.

ધર્મ એટલે શું? જે ધારણ કરે છે તે ધર્મ **धारयति इति धर्म** : જે સત્ય ને ટકાવે છે, પૃથ્વીને ટકાવે છે, અસ્તિત્વને ટકાવે છે તે જ ધર્મ.

વળી વસ્તુનો સ્વભાવ એ ધર્મ છે, એવું જૈનદર્શન કહે છે. આથી જ વિશ્વને ટકાવનાર અને આત્માના સ્વભાવરૂપ અહિંસા ધર્મનું યોગ્ય પાલન કરવું જ જોઇએ. તે ધર્મ છે. અને પર્યાવરણનું રક્ષણ છે તે પ્રકૃતિની પૂજા છે. ભારત વર્ષ ના તમામ ધર્મોએ અહિંસા સ્વીકારી છે

વાસ્તવમાં અહિંસા તો તમામ ધર્મોએ સ્વીકારેલી છે જ. આપણે જૈન ધર્મમાં અહિંસાની સૂક્ષ્મતા તો જોઇ. તો સનાતન ધર્મના વેદ, ઉપનિષદ, પુરાણ, મીમાંસા, યોગ... અન્ય શાસ્ત્રોમાં પણ ઠેકઠેકાણે અહિંસા જ મૂળ ધર્મ છે તેવી વાત કરેલી છે. સર્વ અવતારી મહાપુરુષો જેમ કે, ભગવાન કૃષ્ણ, બુદ્ધ, જિસસ, ક્રાઇસ્ટ, ઓશો જરથુષ્ટ, મહમંદ પયગંબર, ગુરુ નાનક તેમજ સંત તુલસીદાસ થી માંડીને અન્ય તમામ સંતપુરુષોએ પણ અહિંસાનો ખૂબ મહિમા ગાયો છે.

જે તત્ત્વ તીર્થંકર ભગવાન મહાવીરે અહિંસા સ્વરૂપે (મનના ભાવ, વચનના શુદ્ધિ અને કાયાથી પ્રવૃત્તિરૂપે) કહ્યું, એ જ તત્ત્વ ભગવાન બુદ્ધે કરુણારૂપે પ્રકાશ્યું અને એ જ પિતા પુત્ર જિસસના પ્રેમમાં આત્મસાત થાય છે. એજ તત્ત્વ સનાતન ધર્મની આત્યંતિક દયામાં નિહિત છે. વિશ્વમાં આશરે ૩૬૩ જુદા જુદા દર્શાનો કે ધર્મની ફિલસૂફી છે. ઘણી તો વિરોધાભાસી પણ છે. તેમ છતાં, બધામાં એક તત્ત્વ સર્વ સામાન્ય છે અને તે છે અહિંસા, દયા, કરુણા, પ્રેમ.. તેમાં કોઇ મતમતાંતર નથી, માટે જ અહિંસા પરમધર્મ છે.

તો ચાલો આપણે જોઇએ.. જુદા જુદા દર્શાનોમાં અહિંસાની ઉત્કૃષ્ટતાનું વર્ણન.

મહર્ષિ વ્યાસે કહ્યું છે કે :

**अष्टादशपुराणेषु व्यासस्य वचनद्वयम् ।**
**परोपकार : पुण्याय पापाय परपीडम् ।।**

અઢાર પુરાણોનો સાર એ જ છે કે પરોપકારથી પુણ્ય મળે છે. બીજાની હિંસા કરવાથી, પીડા આપવાથી પાપ થાય છે. ધર્મના કરોડોગ્રંથોનો સાર એ છે કે જે પોતાને પ્રતિકૂળ છે, તેવું વર્તન (હિંસા, અસત્ય વગેરે) બીજાઓ પરત્વે તમે ન કરો.....

અહિંસા ધર્મનું પ્રવેશદ્વાર છે. એવું મહર્ષિઓએ કહ્યું છે.

બાઇબલ : કરુણા અને સત્યને ક્યારેય ન છોડશો એને તમારા હૃદય અને વાણીમાં સદા ધારણ કરજો. Do unto others as you would have them do unto you. દયાળુ વ્યક્તિનું કલ્યાણ થાય છે. ક્રૂર માણસો દુ:ખના સાગરમાં ડૂબી જાય છે.

ટૂંકમાં દરેક ધર્મ એ એક જ જીવન સાર આપ્યો છે...દયા ધર્મનું મૂળ છે. જ્યાં સુધી પ્રાણ છે ત્યાં સુધી દયા ન છોડશો. બિચારા નિર્દોષ જીવોને ન મારશો. આપણી જેમ તેમને પણ જીવન પ્રિય છે.મનના ભાવોની શુદ્ધિ એ અહિંસાની ગંગોત્રી છે. આચાર્ય હરિભદ્રસૂરિએ કહ્યું છે કે આત્માની શુદ્ધ પરિણતિ તે જ અહિંસા. ક્રોધ, માયા, માન, લોભ તથા રાગ અને દ્વેષ જેવા મનના ભાવો અશુભ છે. તેમાંથી જ હિંસા જન્મે છે. તેથી રાગ દ્વેષ વગેરેથી જાગૃતિપૂર્વક દૂર રહેવું. અને એ શાસ્ત્રોક્ત છે.....

**यदि संकल्पतो हिंसा-मन्यस्योपरि चिंतयेत् ।**
**तत्पापेन निजात्मा हि, दुंखावनौ च पात्यते ।।**

જો કોઇ પ્રાણી મનના સંકલ્પથી પણ બીજાની કોઇ પણ રીતે હિંસા કરવાનું કે પીડા આપવાનું ચિંતવન કરે, તો તે પોતાના આત્માને જ દુ:ખમાં પાડે છે.

ધર્મ એટલે શું? જે ધારણ કરે છે તે ધર્મ **धारयति इति धर्म** : જે સત્ય ને ટકાવે છે, પૃથ્વીને ટકાવે છે, અસ્તિત્વને ટકાવે છે તે જ ધર્મ.

વળી વસ્તુનો સ્વભાવ એ ધર્મ છે, એવું જૈનદર્શન કહે છે. આથી જ વિશ્વને ટકાવનાર અને આત્માના સ્વભાવરૂપ અહિંસા ધર્મનું યોગ્ય પાલન કરવું જ જોઇએ. તે ધર્મ છે. અને પર્યાવરણનું રક્ષણ છે તે પ્રકૃતિની પૂજા છે. ભારત વર્ષ ના તમામ ધર્મોએ અહિંસા સ્વીકારી છે

વાસ્તવમાં અહિંસા તો તમામ ધર્મોએ સ્વીકારેલી છે જ . આપણે જૈન ધર્મમાં અહિંસાની સૂક્ષ્મતા તો જોઇ. તો સનાતન ધર્મના વેદ, ઉપનિષદ, પુરાણ, મીમાંસા, યોગ... અન્ય શાસ્ત્રોમાં પણ ઠેકઠેકાણે અહિંસા જ મૂળ ધર્મ છે તેવી વાત કરેલી છે. સર્વ અવતારી મહાપુરુષો જેમ કે, ભગવાન કૃષ્ણ, બુદ્ધ, જિસસ, ક્રાઇસ્ટ, ઓશો જરથુષ્ટ, મહમંદ પયગંબર, ગુરુ નાનક તેમજ સંત તુલસીદાસ થી માંડીને અન્ય તમામ સંતપુરુષોએ પણ અહિંસાનો ખૂબ મહિમા ગાયો છે.

જે તત્ત્વ તીર્થંકર ભગવાન મહાવીરે અહિંસા સ્વરૂપે (મનના ભાવ, વચનના શુદ્ધિ અને કાયાથી પ્રવૃત્તિરૂપે) કહ્યું, એ જ તત્ત્વ ભગવાન બુદ્ધે કરુણારૂપે પ્રકાશ્યું અને એ જ પિતા પુત્ર જિસસના પ્રેમમાં આત્મસાત થાય છે. એજ તત્ત્વ સનાતન ધર્મની આત્યંતિક દયામાં નિહિત છે. વિશ્વમાં આશરે ૩૬૩ જુદા જુદા દર્શાનો કે ધર્મની ફિલસૂફી છે. ઘણી તો વિરોધાભાષી પણ છે. તેમ છતાં, બધામાં એક તત્ત્વ સર્વ સામાન્ય છે અને તે છે અહિંસા, દયા, કરુણા, પ્રેમ.. તેમાં કોઇ મતમતાંતર નથી, માટે જ અહિંસા પરમધર્મ છે.

તો ચાલો આપણે જોઇએ.. જુદા જુદા દર્શાનોમાં અહિંસાની ઉત્કૃષ્ટતાનું વર્ણન.

મહર્ષિ વ્યાસે કહ્યું છે કે :

**अष्टादशपुराणेषु व्यासस्य वचनद्वयम् ।**
**परोपकार : पुण्याय पापाय परपीडम् ।।**

અઢાર પુરાણોનો સાર એ જ છે કે પરોપકારથી પુણ્ય મળે છે. બીજાની હિંસા કરવાથી, પીડા આપવાથી પાપ થાય છે. ધર્મના કરોડોગ્રંથોનો સાર એ છે કે જે પોતાને પ્રતિકૂળ છે, તેવું વર્તન (હિંસા, અસત્ય વગેરે) બીજાઓ પરત્વે તમે ન કરો.....

અહિંસા ધર્મનું પ્રવેશદ્વાર છે. એવું મહર્ષિઓએ કહ્યું છે. કરૂણા અને સત્યને ક્યારેય ન છોડશો એને તમારા હૃદય અને વાણીમાં સદા ધારણ કરજો. Do unto others as you would have them do unto you. દયાળુ વ્યક્તિનું કલ્યાણ થાય છે. ક્રૂર માણસો દુ:ખના સાગરમાં ડૂબી જાય છે.

ટૂંકમાં દરેક ધર્મ એ એક જ જીવન સાર આપ્યો છે...દયા ધર્મનું મૂળ છે. જ્યાં સુધી પ્રાણ છે ત્યાં સુધી દયા ન છોડશો. બિચારા નિર્દોષ જીવોને ન મારશો. આપણી જેમ તેમને પણ જીવન પ્રિય છે.

## શ્રી મમ્માબાઈ હાઈસ્કૂલ અંગ્રેજી માધ્યમનું એસ.એસ.સી.નું. ૯૮.૩ % પરિણામ

શેઠ રણછોડદાસ ચત્રભુજ કચ્છી લોહાણા બાલાશ્રમ સંચાલિત શ્રી મમ્માબાઈ હાઈસ્કૂલ અંગ્રેજી માધ્યમનું એસ.એસ.સી. નું ૯૮.૩% પરિણામ આવેલ છે. ૫૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલ જેમાંથી ૧ વિદ્યાર્થી ૯૦% થી વધુ માર્કસ, ૨૧ વિદ્યાર્થી ડીસ્ટીન્કશન માર્કસથી વધુ માર્કસ, ૧૮ વિદ્યાર્થી ફર્સ્ટ ક્લાસથી વધુ માર્કસ, ૧૫ વિદ્યાર્થી સેકન્ડ ક્લાસથી વધુ માર્કસ અને ૪ વિદ્યાર્થી પાસ કલાસ મેળવી સંસ્થા તથા શાળાનું ગૌરવ વધારેલ છે. આ અનેરા દિવસે સંસ્થા તથા શાળાના ટ્રસ્ટીગણ અને વ્યવસ્થાપક કમિટીગણમાંથી ભરતચંદ્ર જેરામ ઠક્કર, અજીતચંદ્ર જેરામ ઠક્કર, કમલેશભાઈ જેઠમલ ચોથાણીએ સંસ્થા તથા શાળાની મુલાકાત લઈ શાળાના પ્રિન્સિપાલ શ્રીમતી શિલ્પા પવારને તથા શાળાના શિક્ષક ભાઈબહેનોની પ્રશંસનીય કામગીરીને બિરદાવી તથા સારા માર્કસ સાથે ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓનું ગૌરવભેર સન્માન કર્યું હતું અને અભિનંદન આપ્યા હતા.

## શ્રી અગાસી જૈન દેરાસર વિરારમાં વર્ષીતપના પારણા સંપન્ન થયા

શ્રી નાકોડા ભૈરવ દર્શન ધામ મહાતીર્થ (ઢેકાલે મહારાષ્ટ્ર)ના પ્રેરક, રાષ્ટ્રસંત અને મહામાંગલિક સમ્રાટ પૂ.આચાર્યગુરૂદેવ શ્રી ચન્દ્રાનસાગરસૂરીશ્વરજી મ.સા. પૂ.આચાર્ય શ્રી નયપદમસાગરસૂરીશ્વરજી મ.સા. અને પૂ.આચાર્ય શ્રી યશોવર્મસૂરીશ્વરજી મ.સા.ના શુભાશિષની સાથે વિરાર (પ)માં અગાસી ગામમાં શ્રી અગાસી જૈન દેરાસર ચેરિટેબલ ટ્રસ્ટ (રજી.) સંચાલિત શ્રી અગાસી જૈન દેરાસરમાં વિશાલ પરમાર પરિવારજનો અને ચોપરા પરિવારજનોની ઉપસ્થિતિમાં પ્રદિપ જોશી અને અમૃતા અવસ્થીની સાથે સંચાલનકાર ગૌરાગ ભાવસારની ભક્તિ ભાવગીતોની રમઝટ સાથે રાજેન્દ્ર અને અજીતભાઈએ પોતાની બહેન સૌ.સરિતા દિલીપ પૃથ્વીરાજ પરમારના વર્ષીતપના પારણાનો લાભ લીધો હતો. આ પ્રસંગે મુંબઈના વિવિધ સંઘોના મોભીજનો, લાયન્સ કલબ ઓફ મહાનગર, લાયન્સ ડિસ્ટ્રીક સભ્યો, વેપારી સંઘોના મોટી સંખ્યામાં ઉપસ્થિતિ સાથે પારણા વિધિ સંપન્ન થઈ. શ્રી અગાસી જૈન દેરાસર ચેરિટેબલ ટ્રસ્ટ (રજી.)ના ટ્રસ્ટી વિનોદભાઈ ઝવેરી એ ટ્રસ્ટ વતી સૌ.સરિતા દિલીપ પૃથ્વીરાજ પરમારના તપની ભૂરી ભૂરી અનુમોદના કરી હતી.

**કુદરતી ઉપચાર : સમજો, શિખો અને અપનાવો**

આજના સમયમાં મોંઘી મેડીકલ સારવાર તથા તેની આડ-અસરોથી હેરાન લોકો સાત્વીક, અહિંસક અને નિર્દોષ કુદરતી ઉપચાર પધ્ધતિ અપનાવી રહ્યા છે. નાની મોટી દરેક બીમારીમાં કુદરતી ઉપચાર દ્વારા ખુબજ સારા અને ચમત્કારીક પરીણામો મળે છે. ઘરમાં થી એક વ્યકિત કુદરતી ઉપચાર સમજે અને શીખે છે ત્યારે આખું કુટુંબ સ્વસ્થ બને છે. ૨૦૦૬ થી મુલુંડમાં કુદરતી ઉપચાર કેન્દ્ર ચલાવતા અનુભવી તથા તજ્ઞ ચિકિત્સકો દ્વારા માર્ગદર્શન.

કોર્સના વિષયો-કુદરતી ઉપચારના પાયાના સિદ્ધાંત, પ્રાકૃતિક આહાર-વિહાર, એક્યુપ્રેશર, શરીર શાસ્ત્ર, યોગ, શિવાંમ્બુ ચિકિત્સા. **તા. ૨૬ મે ૨૦૨૪, રવીવારે સવારના ૮.૩૦ થી ૧૦.૦૦ FREE ORIENTATION** માટે આજે જ નામ નોંધાવો. **કોર્સ - તા. ૨ જૂન થી ૨૮ જુલાઈ, દર રવીવારે સવારના ૮.૦૦ થી ૧૦.૦૦.** વધુ વિગત માટે સંપર્ક : **98700 26439**

**નિરામય નેચર ક્યોર** શોપ નં. ૯, સંમિશ્ર, પી. કે. રોડ, કેશવ પાડા, ઝેનીથ ટાવરની સામે, મુલુંડ (વે).
**નિતીન ગડા-9967675432 / પરેશ દેઢિયા-9819029122**

Owner, Printer and Publisher : **Jayant Vasanji Chheda** • Printed at : **MID DAY Infomedia Limited,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701.
• Published from 601, Abhinandan Apt., Sambhav CHS, Sarvoday Parshwanath Nagar, Mulund (West), Mumbai-400 080. • **Editor : Jayant V. Chheda • R.N.I. Regn. No. 69568/98**

**4 & 5 BHK રેડી પઝેશન વેચાણથી જૈન દેરાસરની બાજુમાં**

- ઓબેરોય 3 & 4 BHK વેચાણથી
- તીરૂમાલા હેબીટેટ્સમાં 2 BHK, 3 BHK અને 4 BHK મળશે
- 3 BHK વેચાણ માટે ઉપલબ્ધ એલબીએસ માર્ગ સારી સુવિધા સાથે - 2.15 CR.
- 3 BHK રૂનવાલ એન્થોરીયમ ની બાજુમાં - 2 CR.
- 2.5/3 BHK રૂનવાલ એન્થોરીયમમાં - 2.55 અને 2.65 CR.
- 3 BHK દેવી દયાલ રોડ મોટો ફ્લેટ - 3.60 CR.
- 2.5 BHK દેવી દયાલ રોડ 2.25 અને 2.15 CR.
- 3 BHK ફુલ્લી ફર્નિશ્ડ ફ્લેટ સર્વોદયનગર જૈન દેરાસરની બાજુમાં 2.45 અને 2.25 CR.
- 3 BHK ઝવેર રોડ જૈન દેરાસર ની બાજુમાં 3.51 અને 2.90 CR.
- 2 BHK મુલુંડ સ્ટેશન પાસે 1.60 CR.
- 2 BHK જૈન દેરાસર ની બાજુમાં 1.90 CR.
- 2 BHK દેવી દયાલ રોડ
- 2 BHK નવી બિલ્ડીંગમાં 1.75 અને 1.60 CR.
- 1 BHK 95 લાખ
- 1 BHK 85 લાખ
- 1 RK 70 લાખ
- 1 BHK મોટો ફ્લેટ નવી બિલ્ડીંગમાં 1.35 CR.
- 1 BHK મુલુંડ સ્ટેશન પાસે નવી બિલ્ડીંગમાં 1.10 CR.
- શોપ વેચવાની છે - 1.35 અને 2.75 CR.
- શોપ વેચવાની છે - 80 લાખ
- 1 BHK અને 2 BHK તાંબેનગર નવી બિલ્ડીંગમાં

MAHARERA No.: A51900015642

B Bhoomi
Real Estate Solutions

* Buy * Sell * Rent * Residence * Commercial

**DEEPAK A KESARIA - 97077 77771**



For the MUSIC Lover's

Gramophone Klub
Presents

Organisers
Manish Prajapati
+91 9820599425
(Call for Ticket Booking)




the ultimate selections of 80's....

At : Kalidas Natya Mandir, P. K. Road, Mulund (W), Mumbai - 80
Saturday, 22 June 2024 - 8.15pm onwards

Arranger
Mohit Shastry

Singers
Alok Katdare
Sampada Goswami
Sarvesh Mishra
Prajakta

Anchor
Bhim Singh

Co-Sponsor
કલ્પવૃક્ષ
SKKY CITY
KRIIS
MANBA FINANCE
RAM
PLAZA
રુચિયાના
LEARN MUSIC RIGHT WAY AaTaP

Media Partner
ગુર્જરમાત